dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue- 28 | AD - 2025, Kartak Sud -10 | Saturday, Dt.01-11-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સરદાર પટેલ સમગ્ર કાશ્મીરને ભારતમાં એકીકૃત કરવા માંગતા હતા, પરંતુ તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ આ થતું અટકાવ્યું : મોદી

# એકતાનગરમાં સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરતા પીએમ મોદી

વડોદરા,તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાતમાં પહોંચ્યા હતા. તેમણે નર્મદા જિલ્લાના એકતાનગરમાં સરદાર પટેલની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમા (સ્ટેચ્યુ ઓફ યુનિટી) ને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે હેલીકોપ્ટરથી પુષ્પવર્ષા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, "સરદાર પટેલ સમગ્ર કાશ્મીરને ભારતમાં એકીકૃત



કરવા માંગતા હતા, પરંતુ તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ આ થતું અટકાવ્યું. કાશ્મીરનું વિભાજન એક અલગ બંધારણ દ્વારા કરવામાં આવ્યું હતું." દેશ દાયકાઓ સુધી કોંગ્રેસની ભૂલોની આગમાં સળગતો રહ્યો. પીએમએ કહ્યું, "કોંગ્રેસને ફક્ત તેનો પક્ષ અને સત્તા જ નહીં, પણ ગુલામ માનસિકતા પણ અંગ્રેજો પાસેથી વારસામાં મળી.












સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા. ૦૧-૧૧-૨૦૨૫

### ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, સાંસદ ભરત સુતરીયા, અતુલ કાનાણી સહિતનાઓની હાજરીમાં

# અમરેલીમાં નવીનીકરણ કરાયેલા સરદાર સર્કલનું મંત્રી કૌશિક વેકરીયાના હસ્તે લોકાર્પણ

અમરેલી,તા.૩૧

અમરેલીની આગવી ઓળખ ધરાવતા સરદાર સર્કલનું બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નવીનીકરણ કરવામાં આવ્યું હતું. આ સર્કલનું લોકાર્પણ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ તકે, બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ગઢડાના કોઠારી સંત પૂ. અધ્યાત્મ સ્વરૂપ સ્વામી, સાંસદ ભરતભાઈ સુતરીયા, ઈફકોના ચેરમેન



દિલીપભાઈ સંઘાણી, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ



કાનાણી, નગરપાલિકા પ્રમુખ, માર્કેટયાર્ડના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલ ધોરાજીયા, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલીયા, અમરેલી જિલ્લા પૂર્વ ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, નગરપાલિકા ચીફ ઓફિસર વી.સી. રાઠોડ, અન્ય સંતો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. અમરેલીમાં ગાંધીબાગના નવીનીકરણ બાદ બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાએ વધુ એક ભારતીય સનાતન સંસ્કૃતિને ઉજાગર કરતા મંદિરની કૃતિની ઝાંખી કરાવતું સરદાર સર્કલ ભેટમાં આપ્યું છે.

### હાજર રહેલા આગેવાનોએ સરદાર પટેલની પ્રતિમાને હારારોપણ કરી નમન કર્યા

# કમોસમી વરસાદથી પાક નિષ્ફળ : ધારી 'આમ આદમી પાર્ટી'ના કાર્યકરો દ્વારા મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર

ધારી,તા.૩૧

ધારી તાલુકામાં છેલ્લા પાંચ દિવસથી સતત કમોસમી વરસાદ (માવઠું) વરસી રહ્યો છે, જેના કારણે ખેડૂતોના પાકને વ્યાપક નુકસાન થયું છે. ખેડૂતોને થયેલા આર્થિક નુકસાનની બાબતને લઈને આમ આદમી પાર્ટી (AAP)ના કાર્યકરો



દ્વારા ધારી મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં મુખ્યત્વે એ માગણી કરવામાં આવી હતી કે, વરસાદને કારણે ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો હોવાથી, ખેડૂતોને તાત્કાલિક સહાય ચૂકવવા માટે સરકાર દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવે. આમ આદમી પાર્ટીના કાર્યકરોએ મામલતદાર કચેરી ખાતે એકત્ર થઈને ખેડૂતોને સહાય આપવા માટે સરકારને અપીલ કરી હતી.

# અમરેલીમાં લાયન્સ ક્લબ દ્વારા સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી

અમરેલી,તા.૩૧

અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા સરદાર સર્કલ ખાતે શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. લાયન્સ ક્લબના પ્રમુખ લા. બકુલભાઈની આગેવાની હેઠળ રજનીકાંત ધોરાજીયા, રાજુભાઈ પરીખ, ગોરધનભાઈ, મેહુલ બાબરીયા, દલસુખ રામોલીયા તથા અન્ય લાયન્સ સદસ્યોએ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફુલહાર કર્યા હતા અને



એકતાના પ્રતિક સમા આ મહાન પુરુષના ચરણોમાં ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી હતી. લા. રાજુભાઈ પરીખે જણાવ્યું હતું કે, સરદાર સાહેબનું જીવન અને કાર્યો સમગ્ર રાષ્ટ્ર માટે હંમેશા પ્રેરણાદાયી બની રહેશે, તેથી તેમની જન્મજયંતિની ઉજવણી કરવી એ સૌ માટે ગૌરવની વાત છે.

# લોખંડી પુરુષ સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની વડીયામાં ભવ્ય ઉજવણી

વડીયા,તા.૩૧

સમગ્ર દેશમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવાતી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક વડીયામાં પણ ભવ્ય રીતે કરવામાં આવી હતી. વડીયા બસ સ્ટેન્ડ પાસે આવેલા સરદાર ચોક



તસવીર : કિરીટ જોટવા

ખાતે મોટી સંખ્યામાં સ્થાનિક લોકો એકત્રિત થયા હતા. તેમણે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ભાવપૂર્વક ફુલહાર અર્પણ કર્યા હતા અને જય સરદાર... જય સરદાર...ના નારા લગાવીને સમગ્ર વાતાવરણને દેશભક્તિમય બનાવી દીધું હતું.

# ધારાસભ્ય જે.વી. કાકડીયાની ઉપસ્થિતિમાં ચલાલામાં 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી

ધારી,તા.૩૧



સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહમંત્રી અને ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે ચલાલા શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધારી-બગસરા-ખાંભાના ધારાસભ્ય જે.વી. કાકડીયા અને દાનમહારાજની જગ્યાના લઘુમહંત મહાવીર બાપુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરા FPOને દેશભરમાં શ્રેષ્ઠ કામગીરી બદલ દિલ્હીમાં કૃષિ મંત્રીના હસ્તે એવોર્ડ

બાબરા,તા.૩૧

ભારત સરકાર દ્વારા દેશભરમાં સ્થપાયેલ કુલ ૧૦,૦૦૦ જેટલી FPO સંસ્થાઓમાં બાબરા FPOને સર્વશ્રેષ્ઠ કામગીરી માટે પ્રથમ સ્થાન મળ્યું છે. દિલ્હીમાં કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ દ્વારા બાબરા FPOના પ્રમુખ જીવાજીભાઈ રાઠોડને આ માટે





તસવીર : દિપક કનૈયા

એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. બાબરા FPO એ ખેડૂતોના આર્થિક વિકાસ અને કૃષિ ક્ષેત્રમાં નવી તકનીક અપનાવી ઉત્તમ કામગીરી કરી છે.

# જાફરાબાદ પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી માવઠાના કારણે જનજીવન પ્રભાવિત

જાફરાબાદ,તા.૩૧

જાફરાબાદ પંથકમાં છેલ્લા ઘણા દિવસોથી કમોસમી વરસાદ પડી રહ્યો છે ત્યારે અનેક ખેતરોમાં મગફળીના પાથરા પણ તણાઈ ગયા છે. આ ઉપરાંત સોયાબીન, કપાસ સહિત ઘણા પાકોમાં નુકસાની થઈ છે. આ માટે રોહિસા ગામના સરપંચ જીતુભાઈ મકવાણા,



કડીયાળીના સરપંચ સવજીભાઈ વઢેરા, સરપંચ લખમણભાઈ અને જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન કરસનભાઈ ભીલ, તાલુકા પંચાયત પ્રમુખ વાલાભાઈ કોટડીયા સહિતના આગેવાનો તેમજ ખેડૂતોએ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીને લેખિતમાં ખેડૂતોને સહાય આપવાની માંગણી કરી છે. ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા પણ સરકારમાં ખેડૂતોને ઝડપથી અને વધુ સહાય મળે તે અંગે મુખ્યમંત્રી સાથે ટેલિફોનિક અને લેખિત રજૂઆતો કરી છે. આ માવઠાથી જનજીવન પણ પ્રભાવિત થયું છે અને મજૂર વર્ગ પણ હાલ મુસીબતમાં મુકાયો છે. બીજી તરફ જાફરાબાદના માછીમારોને પણ મોટાપાયે લાખો રૂપિયાનું નુકસાન થયું છે અને તેમને પણ સહાય આપવાની માંગ થઈ છે.

# વડીયા પોલીસ દ્વારા રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે રન ફોર યુનિટી

વડીયા,તા.૩૧

વડીયા પોલીસ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વડીયા પોલીસ, હોમગાર્ડ, જીઆરડી જવાનો, વહીવટી તંત્રના



અધિકારીઓ, સ્ટાફ જોડાયા હતા. વડીયા ઈન્ચાર્જ પીઆઈ એ.એન. ગાંગણાના માર્ગદર્શન હેઠળ વડીયા પોલીસ ટીમ સાથે હોમગાર્ડ, જીઆરડી જવાનો દ્વારા વડીયાથી ગોવર્ધન પેટ્રોલ પંપ સહિતના મુખ્ય માર્ગો પર રન ફોર યુનિટી કાર્યક્રમ યોજ્યો હતો.

આ તકે વડીયા પોલીસ સ્ટાફ સહિતના મોટી સંખ્યામાં જોડાયા હતા.









### સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે

# અમરેલીમાં રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ રન ફોર યુનિટીને પ્રસ્થાન કરાવ્યું

અમરેલી,તા.૩૧

ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ અને 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ભવ્ય ઉજવણી હાથ ધરવામાં આવી છે. અમરેલી સ્થિત સરદાર સર્કલ (સેન્ટર પોઈન્ટ) થી 'રન ફોર યુનિટી'ને રાજ્યના કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા સહિત પદાધિકારીઓ, અધિકારીઓ ઉમળકાભેર જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અમરેલી સ્થિત સરદાર સર્કલ થી પૂ.હરિરામબાપા ચોક, નાગનાથ મંદિર, રાજકમલ ચોક સહિતના વિસ્તારોમાં 'રન



ફોર યુનિટી' માર્ચ યોજાઈ હતી. જેમાં ડી.એલ.એસ.એસ.ના બાળકો, વિવિધ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, પોલીસ જવાનો, નાગરિકો જોડાયા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો-અધિકારીઓ સહિત સૌ નાગરિકોએ રાષ્ટ્રીય એકતા દિવસના શપથ લીધા હતા. 'રન ફોર યુનિટી' અંતર્ગત શહેરના નાગરિકો સહિત સૌ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ને 'વિકસિત ભારત' બનાવવા માટે સહિયારો પુરુષાર્થ કરવા સંકલ્પબદ્ધ થયા હતા. 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ભવ્ય ઉજવણીમાં અમરેલી જિલ્લા પંચાયત અને નગરપાલિકાના હોદેદારો, પદાધિકારીઓ, અમરેલી બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિરના સંતો, ઈન્ચાર્જ પોલીસ વડા, પ્રાંત અધિકારીઓ, જિલ્લા પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ, પોલીસ જવાનો, વિવિધ શાળા કોલેજના વિદ્યાર્થીઓ, નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### નાગરિકોની સાથે અધિકારીઓ અને પદાધિકારીઓ પણ જોડાયા

# જાફરાબાદના વઢેરામાં વિશ્વકર્મા મહાપુરાણ કથા યોજાશે

જાફરાબાદ,તા.૩૧

જાફરાબાદ તાલુકાના વઢેરા મુકામે આવેલ પવિત્ર ખારીયા ધામ ખોડિયાર મંદિર તથા ભુતડા દાદા અને વઢવાણા પરિવારના સુરાપુરા દાદાના સાનિધ્યમાં વિશ્વકર્મા મહાપુરાણ કથાનું સાત દિવસ (૧૦-૦૫-૨૦૨૬ થી ૧૬-૦૫-૨૦૨૬) માટેનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કથાની પુનિત વ્યાસપીઠ પર વિશ્વકર્મા ધર્મપ્રચારક અને પુરાણ મર્મજ્ઞ જયંતિભાઈ શાસ્ત્રીજી (રહે. સુરેન્દ્રનગર) બિરાજી સંગીતમય શૈલીમાં ભક્તજનોને કથાનું રસપાન કરાવશે. આ પ્રસંગ પહેલા વઢેરા મુકામે જયંતિભાઈ શાસ્ત્રીજીએ કથા સ્થળની રૂબરૂ



મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ખારીયા ધામના પૂજારી શૈલેષબાપુ, વઢવાણા શૈલેષભાઈ (વકીલ), નરેશભાઈ મોડાસીયા (વકીલ), વિમલભાઈ વઢવાણા, ગિરીશભાઈ વઢવાણા, મિતેશભાઈ, દાનાભાઈ તથા વઢેરાના ગ્રામવાસીઓ હાજર રહ્યા હતા. તમામ વિશ્વકર્મા વંશજો અને ભક્તજનોને સહપરિવાર મિત્રમંડળ સહ પધારી જ્ઞાનગંગાનું અમૃતપાન કરવા, કથા શ્રવણ, દર્શન, ભજન અને ભોજનનો અમૂલ્ય લ્હાવો લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### અમરેલીમાં લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

# સરદાર પટેલની જન્મજયંતિની ભવ્ય ઉજવણી

અમરેલી,તા.૩૧

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ની જન્મજયંતિની દેશભરમાં ઉજવણી થઈ રહેલ હોય ત્યારે અમરેલીમાં પણ લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શુક્રવારે શહેરના સરદાર સર્કલ, ફોરવર્ડ સ્કૂલ પાસે સરદાર પટેલની પ્રતિમાને સમસ્ત લેઉવા પટેલ સમાજ વતી પુષ્પાંજલિ અર્પણ કરેલ. આ તકે સમાજના પ્રમુખ ડી.કે. રૈયાણી,





કાંતિભાઈ વઘાસિયા, વીરજીભાઈ ઠુંમર, અશ્વિનભાઈ સાવલિયા, રમેશભાઈ કાથરોટીયા, સુરેશભાઈ દેસાઈ, કાળુભાઈ કાછડીયા, ડો. જી.જે. ગજેરા, ડો. ચંદ્રેશ ખુંટ, સંજય માલવિયા, દિનેશ સાવલિયા, સંજય રાજપરા, દિનેશ વેકરીયા, રાજુ ગઢિયા, જે.પી. સોજીત્રા, ખોડલધામ ટીમ, સરદારધામ અને લેઉવા પટેલ સમાજના આગેવાનો ઉપસ્થિત રહેલ તેવું રાજેશભાઈ માંગરોળીયા દ્વારા અખબારી યાદીમાં જણાવેલ છે.

### કમોસમી વરસાદને કારણે ખેડૂતોને સહાય આપવા માટે

# અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ખેતી બચાવો સત્યાગ્રહ શરૂ કરાશે

**જિલ્લાનાં દરેક તાલુકાઓમાં પ્રતિક ધરણાનો કાર્યક્રમ યોજાશે**

અમરેલી,તા.૩૧

અમરેલી જિલ્લામાં છેલ્લા સાત દિવસથી કમોસમી વરસાદ પડતો હોવાથી ખેડૂતોનો મહામૂલો પાક નષ્ટ થઈ જતા ખેડૂતોની હાલત કફોડી બની છે. ખેડૂતો રાજય સરકાર સમક્ષ મદદની ગુહાર લગાવી રહ્યા છે. ખેડૂતોની આ વેદના સરકાર સુધી પહોંચે તે માટે હવે અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ મેદાનમાં આવી છે. કમોસમી વરસાદને લઈ ખેડૂતોને સહાય મળે તે માટે અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિએ માંગણી કરી છે કે, સત્વરે લીલો દુષ્કાળ જાહેર કરવો, ખેતીનું પાક ધિરાણ માફ કરવુ, કૃષિ ઉપજોની વિદેશી આયાત બંધ કરવી, પાક નુકસાનીનું તાત્કાલિક વળતર આપવું, કૃષિ ઉપજોના તમામ કરવેરા દૂર કરવા, નકલી ખાતર બિયારણ ઉપર તવાઈ લાવવી, પાણી પત્રકની સરકારી રાહે નોંધ કરવી, ખેતઓજારો રાહતદરે ઉપબ્લધ કરાવવા, નકલી દૂધ ઉત્પાદનો ઉપર અંકુશ લાવવો, સેટેલાઈટથી જમીન માપણી રદ કરાવવી, પશુચારાની વ્યવસ્થા કરવી સહિતના મુદે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા વિવિધ તાલુકાઓમાં ધરણા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૩ નવેમ્બરે સવારે ૯ થી ૧૨ અતિથિગૃહ પાસે વડીયા, બપોરે ૨ થી ૫ સરદારચોક બગસરા, તા.૪ નવેમ્બરે સવારે ૯ થી ૧૨ નાના બસસ્ટેન્ડ પાસે, મુ.ધારી, બપોરે ૨ થી ૫ મામલતદાર કચેરી પાસે, મુ.ખાંભા, તા.૦૭ નવેમ્બરે સવારે ૯ થી ૧૨ કડવા પટેલ સમાજ પાસે, મુ.લાઠી, બપોરે ૨ થી ૫ પેટ્રોલપંપ પાસે, ખાખરીયા રોડ, મુ.બાબરા, તા. ૫ નવેમ્બરે સવારે ૯ થી ૧૨ આંબેડકર સર્કલ, મુ.રાજુલા, બપોરે ૨ થી ૫ મામલતદાર કચેરી પાસે, મુ.જાફરાબાદ, તા.૮ નવેમ્બરે સવારે ૯ થી ૧૨ રાજકમલ ચોક, મુ.અમરેલી રાખેલ છે.

# રાજુલા તાલુકાના સસ્તા અનાજના દુકાનદારોની આજથી હડતાલ

રાજુલા,તા.૩૧

રાજુલા તાલુકાના પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર એસોસિએશન દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવતા, રાજ્ય મંડળના આદેશ મુજબ ૧લી નવેમ્બરથી રાજુલા તાલુકાના તમામ દુકાનદારો હડતાળમાં જોડાયા છે. સસ્તા અનાજના દુકાનદારો આજથી હડતાલ પર જતા હોય જેથી ગરીબ વર્ગને અનાજ મેળવવામાં મુશ્કેલીનો સામનો



તસવીર : ગોપાલ રાઠોડ

કરવો પડશે. મહિનામાં અનેકવાર સર્વરની ખામી સર્જાતા ગ્રાહકોને ધક્કા જાય છે જેથી ગ્રાહકો અને દુકાનદારો વચ્ચે બોલાચાલી પણ થતી હોવાથી આખરે કંટાળી સસ્તા અનાજના દુકાનદારોએ આજથી હડતાલમાં જવાનું એલાન કર્યું છે.

### કોઈ જાનહાનિ ન થતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો

# સતત વરસી રહેલા વરસાદને કારણે નાના લીલીયા ગામે મકાન ધરાશાયી

**મકાન ધરાશાયી થતા સરપંચે અધિકારીઓને જાણ કરી**

અમરેલી,તા.૩૧

અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા દિવસોથી અવિરત વરસાદ વરસી રહ્યો છે ત્યારે ખેડૂતોને ખૂબ મોટી નુકસાની વેઠવાનો વારો



આવ્યો છે. અવિરત વરસાદના કારણે લીલીયા તાલુકાના નાના લીલીયા ગામે આવેલ મફત પ્લોટ વિસ્તારમાં શાતુબેન સોમાભાઈ બલોલીયાનું મકાન ધરાશયી થયું હતું. ઘટનાની જાણ સ્થાનિક સરપંચને થતાં સરપંચ રણજીતભાઈ ખુમાણ તાત્કાલિક દોડી ગયા હતા અને સમગ્ર બનાવની મામલતદાર, ટીડીઓને જાણ કરી હતી. આ ઘટનામાં કોઈ જાનહાનિ ન થતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

# રાજુલા-જાફરાબાદના ૭૨ ગામના સરપંચોનો ડિજિટલ સર્વે સામે વિરોધ

અમરેલી,તા.૩૧

રાજુલા-જાફરાબાદ પંથકમાં ભારે કમોસમી વરસાદથી ખેતીના પાકને વ્યાપક નુકસાન થયા બાદ, ૭૨ ગામના સરપંચોએ રાજ્ય સરકારના ડિજિટલ સર્વેની કામગીરી સામે સખત વિરોધ નોંધાવ્યો છે. તાલુકા સરપંચ એસોસિએશનના નેતૃત્વ હેઠળ



એકત્ર થયેલા સરપંચોનો આક્ષેપ છે કે ડિજિટલ સર્વેના કારણે અનેક ખેડૂતો સહાયથી વંચિત રહી જાય છે. ભારે નુકસાન થયું હોવાથી સર્વેની જરૂર નથી. તમામ સરપંચોએ સર્વસંમતિથી ડિજિટલ સર્વેનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે અને સરકાર પાસે ખેડૂતોને સર્વે વગર સીધી સહાય આપવાની માંગણી કરી છે. આ અંગે તેમણે તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત પણ કરી છે.

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

# રાજુલામાં જલારામ બાપાની જન્મજયંતિની ઉજવણી

રાજુલા,તા.૩૧

રાજુલામાં જલારામ બાપાની ૨૨૬ મી જન્મજયંતિ ધામધૂમથી ઉજવવામાં આવી હતી. દર વર્ષની માફક આ વર્ષે પણ વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું જેમાં શોભાયાત્રા લોહાણા મહાજન વાડીએ શરૂ કરવામાં આવી હતી જે જલારામ મંદિરે પૂર્ણ કરવામાં આવી હતી. બપોરના મહાઆરતી તેમજ અન્નકૂટના દર્શન, રામધુન અને હનુમાન ચાલીસાના કાર્યક્રમ સહિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું હતું તેમજ દર વર્ષની માફક આ વર્ષે પણ બપોરના અને સાંજના બંને સમયે મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવેલ હતું.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

રસિકલાલ મગનલાલ જોશીનું તા.૩૦/૧૦/૨૫ને ગુરુવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે હિમાંશુભાઈ જોશી, પંકજભાઈ જોશીના પિતા થાય છે. સદગતની સાદડી તા.૧/૧૧/૨૫ને શનિવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે પરશુરામ ઉપવન ગર્લ્સ હાઈસ્કૂલની બાજુમાં સાવરકુંડલા ખાતે રાખેલ છે.

દિપાવલી - નૂતન વર્ષ પર્વના સર્વોને અભિનંદન...
BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1@30% OFF
BUY 3@40% OFF
BUY 4@50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

**ધારીના ગોવિંદપુર ગામનો બનાવ**

# પ્રેમસંબંધના વિવાદમાં હુમલો: ઢીકાપાટુ અને લોખંડની પાઈપથી માર માર્યો

**કામ ધંધો કરવા બહાર જતા રહો તેમ પણ કહ્યું**

ધારી, તા.૩૧

ધારીના ગોવિંદપુર ગામે પ્રેમસંબંધ બાબતે હુમલો કરવામાં આવ્યો હતો. ઢીકાપાટુ અને લોખંડની પાઈપથી માર માર્યો હતો. બનાવ અંગે મેપાભાઈ ભાયાભાઈ દાફડા (ઉ.વ.૬૫)એ મહીપતભાઈ મોહનભાઈ ચાવડા સામે ફરિયાદ નોંધાવી હતી.બનાવની વિગતો અનુસાર, તેઓ ગ્રામ પંચાયતના પાણીનો વાલ્વ ખોલવા માટે રામાપીરના મંદિર પાસે ગયા હતા. તે સમયે આરોપી ત્યાં બેઠેલો હતો. તેમણે આરોપીને તેમના દિવંગત દીકરાની પત્ની અને આરોપીના ભાઈ શૈલેષભાઈ વચ્ચેના કથિત પ્રેમસંબંધ વિશે વાત કરી હતી. તેમણે આરોપીને વિનંતી કરી કે તે તેના ભાઈ શૈલેષભાઈને સમજાવે કે તેમની પુત્રવધૂને ભૂલી જાય અને કામ ધંધા માટે ગામની બહાર જતો રહે. તેમણે એ વાતનો પણ ઉલ્લેખ કર્યો કે અગાઉ નાત-જાતના રિવાજ મુજબ સમાધાન થયું હતું કે શૈલેષ ગોવિંદપુર ગામમાં નહીં રહે. તેમની આ વાત આરોપીને સારી ન લાગતા તેણે ઉશ્કેરાઈને ગમે તેમ ગાળો આપવા લાગ્યો હતો. ત્યાર બાદ, આરોપીએ તેમને પાટુ મારીને પછાડી દીધા અને ઢીકાપાટુનો મૂઢમાર માર્યો હતો. આ ઉપરાંત આરોપીએ નજીકમાં પડેલી લોખંડની પાઈપ ઉઠાવીને મારતાં ગંભીર ઈજા પહોંચી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એચ. વાઘ વધુ તપાસ કરી રહ્યા છે.

# અવિશ્વાસની દરખાસ્તને લઈ ચલાલા નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખે ખુલાસો કર્યો

ચલાલા,તા.૩૧

ચલાલા નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીના જ બહુમતી સભ્યોએ ગઈકાલે ચલાલા નગરપાલિકાના ચીફ ઓફિસરને રૂબરૂ મળી લેખિતમાં અવિશ્વાસ દરખાસ્તનો પસ્તાવ રજૂ કરતા ચલાલા નગરપાલિકાનું રાજકારણ ગરમાયું હતું. નગરપાલિકામાં ૨૪ એ ૨૪ સભ્યો ભારતીય જનતા પાર્ટીના છે. તેમાંથી વોર્ડ નંબર ૨ ના સદસ્ય મુક્તાબેન કૌશિકભાઈ પરમારે કુલ ૨૦ ભાજપના જ સદસ્યોની સંમતિવાળી અવિશ્વાસ દરખાસ્ત રજૂ કરેલ હતી. જેના અનુસંધાને ચલાલા નગરપાલિકાના મહિલા પ્રમુખ શ્રીમતી નયનાબેન વનરાજભાઈ વાળા અને ઉપપ્રમુખ પ્રવીણભાઈ બાવચંદભાઈ માલવીયાએ અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખને પત્ર લખી જણાવેલ છે કે અમોને કુલ ૧૧ સદસ્યોનું સમર્થન છે. અને અમો ૧૧ સદસ્ય એકી સાથે છીએ. અમો એકપણ સદસ્ય અવિશ્વાસ દરખાસ્તની તરફેણમાં નથી. જિલ્લા ભાજપ પ્રમુખને પત્ર લખી મોટો ખુલાસો કરતા જણાવ્યું કે ગઈકાલે અમારી વિરુદ્ધમાં નગરપાલિકાના બહુમતી સદસ્યોએ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી હતી એ માત્ર જૂઠું તુત છે. વધુમાં જણાવ્યું કે, અમોને અમારા સહિત કુલ નગરપાલિકાના ૧૧ સદસ્યોનું સમર્થન છે. અને અમો બધા એકી સાથે છીએ તો પછી ૨૦ સભ્યો તેની સાથે કઈ રીતના હોઈ શકે. અમો વહેલી તકે નગરપાલિકામાં જનરલ બોર્ડ બોલાવી કોણ કોની સાથે છે તે સાબિત કરી દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી આપવાના છીએ. અમો ભારતીય જનતા પાર્ટીના સન્નિષ્ઠ કાર્યકરો છીએ. અમો પાર્ટી સાથે સંકલનમાં રહી પાર્ટીના આદેશ પ્રમાણે કાર્યો કરીશું.

# ખાંભાનાં ખડાધાર ગામે સીમ વિસ્તારમાં મહિલાને ગાળો આપી

**ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી**

ખાંભા,તા.૩૧

ખાંભાના ખડાધાર ગામે સીમ વિસ્તારમાં કામ કરતી મહિલાને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. જયાબેન નાજાભાઈ જેઠવા (ઉ.વ.૪૫)એ મજબૂતસિંહ કનકસિંહ રાઠોડ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ ખેતીની જમીનમાં કામ કરતા હતા ત્યારે આરોપીએ તેમની પાસે આવી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક એ.જી. ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના પ્રાકૃતિક ખેડૂતોએ હાલોલમાં ‘કૃષિ ચૌપાલ’માં ભાગ લીધો

અમરેલી, તા. ૩૧



ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી (GNFSU), હાલોલ અને દૂરદર્શન કિસાન ટીમ દ્વારા શુક્રવારે કૃષિ ચૌપાલ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી હેઠળ દત્તક લેવાયેલા ગામોના પ્રાકૃતિક ખેતી કરતાં ૩૧ જેટલા સફળ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનું ઉદ્ઘાટન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. સી.કે. ટીંબડીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી એ આપણા પરંપરાગત જ્ઞાનને આધુનિક વિજ્ઞાન સાથે જોડતી એક સુસ્થિર ખેતી પદ્ધતિ છે, જે જમીન, પાણી અને માનવ આરોગ્યને સંતુલિત રાખે છે. યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, સપ્તધાન્યાકુર, અગ્નિઅસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, નિમાસ્ત્ર, સુંઠાસ્ત્ર બનાવવાની પદ્ધતિ અને તેના ઉપયોગ વિશે વિગતવાર વૈજ્ઞાનિક ઢબે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, પ્રાકૃતિક ખેતીમાં મિશ્રપાકનું મહત્વ, સૂક્ષ્મ જીવાણુઓનું મહત્વ અને આચ્છાદન કરવાના ફાયદા જેવા વિષયો પર પણ માર્ગદર્શન આપી ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

**દત્તક ગામોના ૩૧ સફળ ખેડૂતોએ દૂરદર્શન કિસાન સાથેના કાર્યક્રમમાં ભાગ લીધો**

# સાવરકુંડલા તાલુકાના ભંમર ગામે પુલની સેફ્ટી રેલિંગ નદીના પ્રવાહમાં તણાઈ



સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલા તાલુકાના ભંમર ગામેથી પસાર થતી નદીના પુલ ઉપર રેલિંગ હતી જે માવઠાના અતિ ભારે વરસાદમાં પૂર આવતાની સાથે જ પાણીમાં તણાઈ ગઈ હતી. આ પુલ ઉપર કોઈ મોટી દુર્ઘટના બને એ પહેલા વાહન વ્યવહારની સલામતી માટે તાકીદે રિપેર કરવા લોકમાંગ ઉઠવા પામી છે.

# ચલાલામાં પંડ્યા-પાઠક પરિવાર દ્વારા તુલસી વિવાહનું આયોજન

ચલાલા, તા.૩૧



ચલાલામાં પંડ્યા અને પાઠક પરિવાર દ્વારા તુલસી વિવાહનો પાવન પ્રસંગ ધામધૂમથી ઉજવાશે. રાજકોટ નિવાસી મયુરીબેન અને કિંકરભાઈ નરેન્દ્રભાઈ પંડ્યા તથા લીલીયા નિવાસી મમતાબેન અને આશિષભાઈ ધનસુખભાઈ પાઠક પરિવારના સંયુક્ત આયોજન હેઠળ ૧ નવેમ્બર, શનિવારે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી ત્રિવેણી સંગમ રાધાકૃષ્ણ મંદિરે રૂડા લગ્નગીતો સાથે તુલસી માતાનું પૂજન થશે. ત્યારબાદ ૨ નવેમ્બર, રવિવારે સાંજે ૪ વાગ્યે શ્રી શાલીગ્રામ ભગવાનની રૂડી જાન અશોકભાઈ જોષીના નિવાસસ્થાનેથી વાજતે ગાજતે ત્રિવેણી સંગમ મંદિરે જશે, જ્યાં પાઠક પરિવાર દ્વારા ભવ્ય સ્વાગત થશે. રૂડા મંડપના માંડવડા, ચુંદડી છાબ અને ધાર્મિક ગીતો વચ્ચે હસ્તમેળાપ તથા ભોજન પ્રસાદ સાથે તુલસી વિવાહ ઉત્સવ ઉજવાશે. આ પ્રસંગે પંડ્યા, પાઠક અને જોષી પરિવારમાં ઉમંગ અને ધાર્મિક ઉત્સાહ છવાયો છે.

# અમરેલીમાં નિકાહ બાદ મહિલાને બાળક ન થતાં મેણાટોણા મારી દુ:ખ ત્રાસ આપ્યો

અમરેલી, તા. ૩૧

એક મહિલાને નિકાહ બાદ બાળક ન થતાં સાસરિયાએ મેણાટોણા મારી દુઃખ ત્રાસ આપ્યો હતો. બનાવ અંગે હાલ અમરેલીમાં રહેતા મૂળ ગારિયાધારના રૂબિનાબેન આશિફભાઈ જાડેજા (ઉ.વ.૩૨)એ ગારિયાધારમાં રહેતા પતિ આશિફભાઈ બાબુભાઈ જાડેજા, સાસુ મુમતાજબેન અમીભાઈ જાડેજા, જેઠ ઈમરાનભાઈ બાબુભાઈ જાડેજા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, તેમના નિકાહ ૧૨-૧૦-૨૦૨૪ના રોજ થયા હતા. લગ્નના થોડા સમય બાદ બાળક ન થતાં આ બાબતે સાસરિયાએ અવારનવાર મેણાટોણા મારી શારીરિક-માનસિક દુઃખ ત્રાસ આપ્યો હતો. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.આર. પટોળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભા પોલીસ સ્ટેશનના મહિલા કોન્સ્ટેબલનો બોડી વોર્ન કેમેરો ગુમ થયો

ખાંભા, તા. ૩૧

ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરજ દરમિયાન ઉપયોગમાં લેવાતો અને પોલીસકર્મીના યુનિફોર્મ પર પહેરવામાં આવતો એક મહત્ત્વપૂર્ણ સરકારી ’બોડી વોર્ન કેમેરા’ ગુમ થતાં પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી હતી. આ અંગે પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની નોંધ દાખલ કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા કોન્સ્ટેબલને ફાળવવામાં આવેલો સરકારી બોડી વોર્ન કેમેરો ગુમ થયો હતો. આ ગુમ થયેલા કેમેરાનો સીરીયલ નંબર X૮૧૭૦૫૩૫૯ હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. બોડી વોર્ન કેમેરા પોલીસની કાર્યવાહીનું રેકોર્ડિંગ કરવા માટેનું મહત્ત્વનું સાધન છે અને કાયદો તથા વ્યવસ્થાની પરિસ્થિતિમાં પારદર્શિતા જાળવવામાં મદદરૂપ થાય છે. સરકારી સાધન આ રીતે ગુમ થતાં પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસ સ્ટેશનમાં આંતરિક ચકાસણી દરમિયાન આ કેમેરો મળી ન આવતા આ અંગેની જાણ ઉચ્ચ અધિકારીઓને કરવામાં આવી હતી. કેમેરો ક્યારે અને કેવી રીતે ગુમ થયો તે અંગે ખાંભા પોલીસ સ્ટેશનમાં ગુમ નોંધ દાખલ કરીને તપાસ શરૂ કરવામાં આવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: દશમ
તા.૦૧-૧૧-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૬:૪૮,
સૂર્યાસ્ત-૦૫:૫૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શત તારકા (પૂર્વ ભાદ્રપદ)

### દૈનિક રાશિફળ

તા.૦૧-૧૧-૨૦૨૫ શનિવાર

- મેષ: પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે.
- વૃષભ: તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. આજનો દિવસ તમારો દાનમાં વિતાવશો.
- મિથુન: આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે.
- કર્ક: આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો.
- સિંહ: આજે તમારી રાશિમાં ગ્રહોના જોડાણને કારણે શુભ સંયોગો થઈ રહ્યા છે. તમે તમારા હરીફો માટે માથાનો દુઃખાવો સમાન રહેશો.
- કન્યા: આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે.
- તુલા: આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્રોત સર્જાશે.
- વૃશ્ચિક: રાજકીય ક્ષેત્રે અકાળે સફળતા પ્રાપ્ત થશે અને બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂર્ણ થશે.
- ધન: આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો.
- મકર: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે.
- કુંભ:કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે તેના તમામ કાયદાકીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો. પાછળથી દગો થઈ શકે છે.
- મીન: આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે.

# રાજુલામાં બેફામ ગતિએ બાઈક ચલાવી ચાલક અકસ્માત સર્જી નાસી છૂટ્યો

**વકીલાત કરતા પુરુષના પગના અંગૂઠામાં ફ્રેક્ચર**

રાજુલા, તા.૩૧

રાજુલા પંથકમાં બેફામ ગતિએ વાહન ચલાવવાના કારણે ગંભીર અકસ્માત સર્જાયો હોવાનો બનાવ સામે આવ્યો હતો. સામેથી પૂરઝડપે આવતા સ્પ્લેન્ડર મોટરસાઈકલના ચાલકે ફરિયાદીના મોટરસાઈકલ સાથે ભટકાડી દેતા ફરિયાદીને પગમાં ગંભીર ઈજા પહોંચી હતી. વકીલાતનો વ્યવસાય કરતાં રાકેશકુમાર ભાનુશંકર જોષી (ઉ.વ.૫૦) એ સ્પ્લેન્ડર મો.સા. આર.ટી.ઓ રજી. નં.GJ-૧૧-AA-૪૨૫૩ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમના મોટરસાઈકલ (રજી. નં.GJ-૧૪-AM-૮૮૦૦) લઈને જઈ રહ્યા હતા. તે સમયે સામેની દિશામાંથી સ્પ્લેન્ડર મોટરસાઈકલ (રજી. નં. GJ-૧૧-AA-૪૨૫૩)નો ચાલક પૂરઝડપે અને બેફીકરાઈથી ગફલતભરી રીતે વાહન હંકારીને આવ્યો હતો. આરોપીએ પોતાનું મોટરસાઈકલ માણસોની જિંદગી જોખમાય તે રીતે ચલાવીને તેમના મોટરસાઈકલ સાથે જોરદાર રીતે ભટકાડી દીધું હતું. જેમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને જમણા પગના અંગૂઠા ઉપર ફ્રેક્ચર થયું હતું. અકસ્માત સર્જી મોટરસાઈકલ ચાલક ઘટના સ્થળેથી તાત્કાલિક નાસી ગયો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. એસ. બાંભણીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# નાના માચીયાળાની યુવતી ઘરે કહ્યા વિના ચાલી ગઈ

અમરેલી, તા.૩૧

અમરેલીના નાના માચીયાળા ગામેથી યુવતી ઘરેથી લાપતા બની હતી. ગામમાં દુકાને વસ્તુ લેવા માટે ગયેલી દીકરી મોડે સુધી ઘરે પરત ન આવતા પરિવારે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. અરવીંદભાઈ નાજાભાઈ ચાંચીયા (ઉ.વ.૪૯)એ જાહેર કર્યા મુજબ તેમની દીકરી ગામમાં આવેલી એક દુકાને વસ્તુ લેવા જવાનું કહીને ઘરેથી નીકળી હતી. જોકે, નિર્ધારિત સમય વીતી ગયા પછી પણ દીકરી ઘરે પાછી ન આવતા પરિવારે તેની શોધખોળ શરૂ કરી હતી. પરિવારજનોએ આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતાં કોઈ પત્તો લાગ્યો નહોતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી. અમરેલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદમાં દેરાણી-જેઠાણીના ઝઘડામાં બે જૂથ વચ્ચે મારામારી

**મહિલાઓ સહિત ત્રણ લોકો ઘાયલ**

જાફરાબાદ, તા. ૩૧

જાફરાબાદમાં પારિવારિક ઝઘડામાં બે જૂથ વચ્ચે મારામારી થઈ હતી. મહિલાઓ સહિત ત્રણ લોકો ઘાયલ થયા હતા. ગીતાબેન લાલજીભાઈ શિયાળ (ઉ.વ.૨૫)એ જીવરાજ જોધાભાઈ, માનસંગ જોધાભાઈ, જીવરાજ વિહાભાઈ, જમકુબેન માનસંગભાઈ, વનીબેન જીવરાજ, વર્ષાબેન જોધાભાઈ, રૂપસંગભાઈ વિરાભાઈ કવાડ તથા રાકેશભાઈ શામજીભાઈ બારૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના જેઠ-જેઠાણી વચ્ચે અવાર-નવાર ઝઘડા થતા હતા. જેનું મનદુઃખ રાખી તેમના જેઠાણીના કાકાનાં દીકરાઓએ આવી સાહેદ કાજલબેનને માર મારી શરીરે મુંઢ ઈજા કરી હતી. તેઓ વચ્ચે પડતાં તેમને પેટ ઉપર પાટું માર્યું હતું. ઉપરાંત વાળ ખેંચી ઢસડી મુંઢ ઈજા કરી જતાં રહ્યા હતા. થોડીવાર પછી તમામ આરોપીએ આવી ઢીકાપાટુનો માર મારી મુંઢ ઈજા કરી હતી. આ સમયે સાહેદ કુંવરબેન વચ્ચે પડતાં તેમને માથામાં કપાળના ભાગે લાકડીનો ઘા મારી મુંઢ ઈજા કરી હતી તેમજ ઢીકાપાટુનો મુંઢમાર મારી ઈજા કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અમરેલીમાં બ્રહ્માકુમારીઝ દ્વારા બિલિયન મિનિટ્સ ઓફ પીસ પ્રોજેક્ટનો પ્રારંભ

અમરેલી,તા.૩૧



બ્રહ્માકુમારીઝ દ્વારા ગુજરાતમાં સેવાઓના હિરક જયંતિ વર્ષ નિમિત્તે ૧૦૦ કરોડ મિનિટનું શાંતિદાન યોજનાની શરૂઆત તા. ૨૪ ઓકટોબરથી ૨૧ ડિસેમ્બર સુધી શરૂ થયેલ છે. જે અંતર્ગત ૩૦ ઓકટોબરે બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર અમરેલી ખાતે આર્શ અધ્યન કેન્દ્રના નિત્ય સુધાનંદસ્વામીના અધ્યક્ષ સ્થાને દીપ પ્રજ્વલન કરી આ પ્રોજેકટનો પ્રારંભ કરેલ છે. આ પ્રોજેકટનું લક્ષ્ય અને ઉદ્દેશ અંગે ગીતાદીદીએ જણાવેલ કે વર્તમાન સમયે સાધન-સુવિધા અને સંપત્તિ તો મનુષ્ય પાસે ખૂબ જ છે પણ જરૂર છે મનની શાંતિની. જે ફકત મેડીટેશનથી જ મળી શકે છે, માટે શાંતિદાતા પરમાત્માએ પોતાના શાંતિદુત બાળકોને તૈયાર કર્યા છે.

**તંત્રી લેખ**

# ઇકો-ઉદ્યોગસાહસિકતા એટલે ટકાઉ વિકાસનું સપનું

સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એકતાનગર ખાતે પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસની વાત કરી તેનું જીવંત ઉદાહરણ આપ્યું હતું. મહાત્મા ગાંધીએ આઝાદીની લડત દરમિયાન ચરખાને માત્ર એક સાદો ઉદ્યોગ નહીં, પણ ગ્રામ સ્વરાજ અને સ્વાવલંબનનું એક ભવ્ય સામાજિક-આર્થિક મોડેલ પૂરું પાડ્યું હતું. તે સમયે, ચરખો એ કરોડો લોકોને જોડીને રાષ્ટ્રના સામૂહિક ઉત્થાન તરફ દોરી જનારું પ્રથમ 'સોશિયલ સ્ટાર્ટઅપ' હતું. ગાંધીજીએ ખાદી અને સાદગી અપનાવીને એક એવી ગૌરવશાળી જીવનશૈલી સ્થાપિત કરી, જેણે ધાર્મિક પુણ્યના સીમિત ખ્યાલથી ઉપર ઉઠીને સમગ્ર રાષ્ટ્રને સામૂહિક વિકાસ અને આત્મનિર્ભરતાનો ઉદ્દેશ આપ્યો. આ ઉદ્દેશ ૬૫૦ વર્ષના વિદેશી શાસન પછી રાષ્ટ્રીય ચેતનાનો પ્રાણવાયુ બન્યો. પરંતુ આઝાદી મળ્યા પછી, દેશ ઔદ્યોગિક ક્રાંતિના પ્રભાવમાં આગળ વધ્યો અને ધીમે ધીમે આપણું સામાજિક જીવન ઉપભોક્તાવાદ **(Consumerism)** ના એકમાત્ર હેતુ તરફ વળી ગયું. આઝાદીના ૭૫ વર્ષ પૂરા થતાં થતાં, આજે દેશનું અર્થતંત્ર મોટા ભાગે બજાર અને ગ્લોબલ સપ્લાય ચેઈનના પ્રભુત્વ હેઠળ છે, જેના પરિણામે આપણા પાયાના સંસાધનો—જળ, જમીન અને જંગલ—આધારિત જીવનશૈલી અને ઉદ્યોગો ગૌણ બન્યા છે. પરિણામે, ખેડૂતો, પરંપરાગત કારીગરો અને સ્થાનિક સમુદાયોને બજારની આંધળી સ્પર્ધામાં ટકી રહેવા માટે મોટો સંઘર્ષ કરવો પડી રહ્યો છે. ગાંધીના મૂલ્યોનું આધુનિક રોકાણ એટલે ટકાઉ સ્ટાર્ટઅપ્સ. આજે જ્યારે સમગ્ર વિશ્વ આબોહવા પરિવર્તન **(Climate Change)** અને સંસાધન સુરક્ષા **(Resource Security)** જેવી વૈશ્વિક સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે, ત્યારે ગાંધીજીનો સ્વાવલંબન અને પ્રકૃતિ સાથે સહજીવનનો સિદ્ધાંત ફરી એકવાર પ્રસ્તુત બને છે. આપણી પાસે એક સુવર્ણ તક છે. યુવાનો, ટેકનોલોજી અને પરંપરાગત જ્ઞાનના સમન્વયથી 'જળ, જમીન અને જંગલ' આધારિત ઈકો-સ્ટાર્ટઅપ્સની એક નવીન પરંપરા શરૂ કરવી. આવા સાહસો દ્વારા, આપણે માત્ર આર્થિક સમૃદ્ધિ જ નહીં, પરંતુ ઈકોલોજીકલ સંતુલન પણ સાધી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, જળ સંરક્ષણ ટેકનોલોજીના સ્ટાર્ટઅપ્સ વરસાદી પાણીના સંગ્રહ અને તેના શુદ્ધિકરણની નવીન પદ્ધતિઓ ગામડાં અને શહેરોમાં લાગુ કરી શકે છે. તેવી જ રીતે, ટકાઉ કૃષિ **(Sustainable Farming)** પર આધારિત સાહસો જમીનની ફળદ્રુપતા જાળવી રાખે તેવી ઓર્ગેનિક ખેતી, બાયો-ઈનપુટ્સના વિકાસ અને કૃષિ કચરામાંથી સંપત્તિ (વેસ્ટ-ટુ-વેલ્થ) પેદા કરતા મોડેલો વિકસાવી શકે છે, જેનાથી જમીનનું સ્વાસ્થ્ય સુધરે. વળી, વન આધારિત આજીવિકાના સ્ટાર્ટઅપ્સ જંગલોના સંરક્ષણ સાથે સંકળાયેલા સ્થાનિક સમુદાયોને વન્ય પેદાશોના મૂલ્યવર્ધન **(Value Addition)** દ્વારા કાયમી અને સન્માનજનક આવક પૂરી પાડીને માનવ અને પ્રકૃતિ વચ્ચેના સંબંધોને મજબૂત કરી શકે છે. આ ઈકો-ઉદ્યોગસાહસિકતા માત્ર નફો નહીં, પણ ઈકોલોજીકલ સંતુલન અને સામાજિક ન્યાયને પણ કેન્દ્રમાં રાખે છે. ગાંધીજીએ જેમ ચરખાને કેન્દ્રમાં રાખીને ગ્રામ સ્વરાજનું નિર્માણ કર્યું હતું, તેમ આજે યુવાનો ઈકો-ફ્રેન્ડલી ટેકનોલોજીનો ઉપયોગ કરીને સ્થાનિક અર્થતંત્રને મજબૂત કરી શકે છે.

# તુલસી વિવાહ: પવિત્ર પ્રેમ અને અલૌકિક મિલનનો ઉત્સવ

તુલસી વિવાહનું પૌરાણિક મહત્વ - તુલસી વિવાહ એ ભગવાન વિષ્ણુ અને પવિત્ર તુલસીના છોડના લગ્નનું પ્રતીક છે. પૌરાણિક કથા મુજબ, તુલસી (વૃંદા)ના શ્રાપથી ભગવાન વિષ્ણુએ પથ્થરનું રૂપ ધારણ કર્યું હતું, જેને શાલિગ્રામ કહેવાય છે. વૃંદાના સતીત્વ અને ભક્તિને કારણે, વિષ્ણુએ તેમને વરદાન આપ્યું કે તેઓ શાલિગ્રામ સ્વરૂપે તેમની સાથે લગ્ન કરશે, તેથી જ શાલિગ્રામની પૂજા તુલસીના પતિ તરીકે થાય છે. તુલસીના મુખ્ય બે પ્રકાર છે: શ્યામા તુલસી (કાળી તુલસી) અને રામ તુલસી (સફેદ તુલસી). આ ઉત્સવ મુખ્યત્વે સમગ્ર ભારતમાં, ખાસ કરીને ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ અને દક્ષિણ ભારતમાં પણ ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવે છે. આ વિવાહથી ચાતુર્માસની સમાપ્તિ થાય છે અને શુભ કાર્યોની શરૂઆત થાય છે.

તુલસી વિવાહ ભારતીય સંસ્કૃતિમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને પવિત્ર ઉત્સવ છે. આ માત્ર એક ધાર્મિક ક્રિયાકાંડ નથી, પરંતુ તે પ્રકૃતિ પ્રત્યે આદર, ભક્તિભાવ અને પરમ તત્વ સાથેના જોડાણનું પ્રતીક છે. દર વર્ષે કાર્તિક મહિનાની સુદ અગિયારસ (દેવઉઠી એકાદશી) થી શરૂ થઈને પૂનમ સુધીના કોઈપણ દિવસે આ વિવાહનું આયોજન કરવામાં આવે છે. આ દિવસથી જ ચાતુર્માસની સમાપ્તિ થાય છે અને શુભ કાર્યો, ખાસ કરીને લગ્ન, ફરી શરૂ થાય છે, તેથી તુલસી વિવાહને પ્રથમ લગ્નનું માન આપવામાં આવે છે. સમગ્ર ભારતવર્ષમાં આ ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે, જેમાં તુલસીના છોડના વિવાહ ભગવાન વિષ્ણુના એક સ્વરૂપ, શાલીગ્રામ સાથે કરાવવામાં આવે છે. આ વિવાહ દ્વારા ભક્તો સાંસારિક અને આધ્યાત્મિક જીવન વચ્ચેના સુમેળને અનુભવે છે.

તુલસી વિવાહ પાછળ એક પૌરાણિક કથા જોડાયેલી છે, જે પ્રેમ, શ્રાપ, ત્યાગ અને મોક્ષની ભાવના રજૂ કરે છે. પૂર્વજન્મમાં તુલસીનું નામ વૃંદા હતું. વૃંદા અત્યંત સુંદર, પવિત્ર અને પતિવ્રતા સ્ત્રી હતી. તેમના પતિનું નામ જલંધર હતું, જે એક મહાન શક્તિશાળી અસુર હતો. જલંધરની શક્તિનું રહસ્ય તેની પત્ની વૃંદાના સતીત્વમાં રહેલું હતું. જ્યાં સુધી વૃંદાનું સતીત્વ અખંડ રહે, ત્યાં સુધી જલંધરને કોઈ હરાવી શકે તેમ નહોતું. જલંધરના અત્યાચારોથી દેવતાઓ અને મનુષ્યો ત્રસ્ત હતા. જ્યારે જલંધરનો વધ કરવો અશક્ય બની ગયો, ત્યારે તમામ દેવતાઓ ભગવાન વિષ્ણુના શરણે ગયા.

ભગવાન વિષ્ણુએ દેવતાઓની મદદ માટે એક યુક્તિ કરી. તેમણે જલંધરનું રૂપ ધારણ કર્યું અને વૃંદાના મહેલમાં પ્રવેશ્યા. વૃંદાએ પતિને જોઈ તેમની પૂજા કરી અને તેમના ચરણ સ્પર્શ કર્યા, જેના કારણે તેમનું સતીત્વ ખંડિત થયું. સતીત્વ ખંડિત થતાં જ, યુદ્ધમાં રહેલા જલંધરની શક્તિ ક્ષીણ થઈ ગઈ અને ભગવાન શિવે તેનો વધ કર્યો. જ્યારે વૃંદાને આ કપટની જાણ થઈ, ત્યારે તે ખૂબ દુઃખી થઈ અને ક્રોધિત થઈ. તેમણે ભગવાન વિષ્ણુને પથ્થર બની જવાનો શ્રાપ આપ્યો અને પોતે સતી થઈ ગયા. જે જગ્યાએ વૃંદા સતી થયા, ત્યાં એક છોડ ઉગ્યો, જેને ભગવાન વિષ્ણુએ તુલસી નામ આપ્યું. ભગવાન વિષ્ણુએ વૃંદાના પવિત્ર પ્રેમને સ્વીકારીને વરદાન આપ્યું કે, હે વૃંદા, તું મારા માટે લક્ષ્મી જેટલી જ પૂજનીય રહીશ. હવેથી તું તુલસીના રૂપે હંમેશા મારી સાથે રહેશે. હું પોતે શાલીગ્રામ (પથ્થરના રૂપે) બનીને તારી સાથે લગ્ન કરીશ અને જ્યાં સુધી જગત રહેશે ત્યાં સુધી તારી પૂજા મારાથી પહેલા થશે. આ વરદાનના ફળ સ્વરૂપે જ તુલસી અને શાલીગ્રામ (ભગવાન વિષ્ણુ)ના લગ્ન કરાવવામાં આવે છે.

તુલસી વિવાહની વિધિ ખૂબ જ રસપ્રદ હોય છે અને તે એક

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

સામાન્ય હિંદુ લગ્ન જેવી જ હોય છે. ભક્તો તુલસીના ક્યારાને એક કન્યાના રૂપમાં શણગારે છે. ક્યારાને ચૂંદડી, સાડી અને આભૂષણોથી સજાવવામાં આવે છે. વરરાજા તરીકે ભગવાન વિષ્ણુના પ્રતીક એવા શાલીગ્રામ પથ્થર અથવા ભગવાન કૃષ્ણની મૂર્તિને લાવવામાં આવે છે. જે રીતે લગ્નમાં મંડપ સજાવવામાં આવે છે, તે જ રીતે તુલસી ક્યારાને શેરડી, ગલગોટાના ફૂલો અને રંગબેરંગી રોશનીથી સજાવવામાં આવે છે.

સૌ પ્રથમ, શાલીગ્રામને નવડાવીને પીતાંબર પહેરાવવામાં આવે છે. ત્યારબાદ વિધિવત્ ગણેશ પૂજન, કલશ સ્થાપના અને તુલસી તથા શાલીગ્રામની પૂજા કરવામાં આવે છે. લગ્નના ગીતો ગાવામાં આવે છે અને કન્યાદાનની પરંપરા પણ નિભાવવામાં આવે છે. ભક્તો પોતે તુલસીના માતા-પિતા બનીને કન્યાદાન કરે છે. આ વિધિ દરમિયાન તુલસી અને શાલીગ્રામની વચ્ચે અંતરપટ રાખવામાં આવે છે, જે શુભ મુહૂર્તમાં હટાવવામાં આવે છે. ત્યારબાદ મંગલાષ્ટક ગવાય છે અને વરમાળા પહેરાવવામાં આવે છે. છેલ્લે, પવિત્ર અગ્નિની સાક્ષીએ ફેરા ફરવાની વિધિ કરવામાં આવે છે. આ તમામ ક્રિયાઓ સંપૂર્ણ ભક્તિભાવ અને આનંદના વાતાવરણમાં થાય છે. આ વિધિ સમાજને સંસ્કાર અને ધાર્મિક મૂલ્યોનું શિક્ષણ આપે છે

આપણા પ્રાચીન ગ્રંથોમાં ખાસ કરીને આયુર્વેદમાં તુલસીના છોડને છોડને ખાસ મહત્વ આપવામાં આવ્યું છે. તુલસીનો અર્ક અનેક રોગમાં રામબાણ ઈલાજ પુરવાર થયો છે. તુલસીનો છોડ શ્રેષ્ઠ ઔષધિ, રોગપ્રતિકારક, ત્રિદોષનાશક, પાચક, શ્વસનતંત્ર સુધારક, કફનાશક, તણાવમુક્ત કરનાર છે. તુલસીને 'હર્બલ ક્વીન' અને 'પ્રકૃતિની ફાર્મસી' કહેવામાં આવે છે. તે અનેક રોગ સામે લડવાની અને શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવાની ક્ષમતા ધરાવે છે. તુલસી વિવાહ એક એવો ઉત્સવ છે જે ધર્મ, પ્રકૃતિ અને વિજ્ઞાનનો સુભગ સમન્વય છે. ધાર્મિક દ્રષ્ટિએ તે ભગવાન વિષ્ણુ અને તુલસી (વૃંદા)ના પુનઃમિલનનો પર્વ છે, જે સ્ત્રીના સતીત્વની શક્તિ અને પ્રભુના વરદાનની મહત્તા દર્શાવે છે. સાંસ્કૃતિક રીતે, તે ભારતની લગ્ન પરંપરાની સુંદરતાને આધ્યાત્મિક રૂપમાં રજૂ કરે છે. આયુર્વેદની દ્રષ્ટિએ તુલસી માત્ર પૂજાનો છોડ નહીં, પણ સ્વાસ્થ્યનો ખજાનો છે. તુલસી વિવાહ આપણને શીખવે છે કે પ્રકૃતિના દરેક તત્વમાં દિવ્યતા છે અને તેનું જતન કરવું એ માનવનું પરમ કર્તવ્ય છે. આ વિવાહ દ્વારા ભક્તોમાં ધર્મ પ્રત્યે શ્રદ્ધા, પવિત્રતા અને સુખ-શાંતિની ભાવના મજબૂત થાય છે, જે ભારતીય સંસ્કૃતિનું અવિભાજ્ય અંગ છે.



## માર્કેટયાર્ડના ભાવ


| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૮૦ | ૧૫૬૦ |
| ઘઉં લોકવન | ૫૧૫ | ૫૪૬ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૧૧ |
| જુવાર સફેદ | ૬૫૫ | ૮૩૬ |
| જુવાર લાલ | ૬૨૦ | ૭૫૦ |
| બાજરી | ૩૨૦ | ૩૮૪ |
| તુવેર | ૯૮૦ | ૧૪૦૦ |
| ચણા પીળા | ૯૨૦ | ૧૧૧૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૯૬૦ |
| અડદ | ૯૫૦ | ૧૪૪૪ |
| મગ | ૯૪૦ | ૧૫૬૫ |
| વાલ દેશી | ૩૮૮ | ૧૦૩૦ |
| ચોળી | ૯૦૦ | ૧૪૩૭ |
| મઠ | ૧૦૦૦ | ૧૯૦૦ |
| વટાણા | ૮૬૦ | ૧૭૭૫ |
| રાજમા | ૯૪૫ | ૧૫૨૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૨૧૫ |
| મગફળી જીણી | ૯૨૫ | ૧૩૦૦ |
| તલી | ૧૫૫૦ | ૨૦૯૮ |
| એરંડા | ૧૨૦૦ | ૧૩૨૫ |
| સુવા | ૧૨૧૦ | ૧૨૭૦ |
| સોયાબીન | ૮૧૧ | ૮૭૧ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| કાળા તલ | ૩૧૦૦ | ૪૩૭૦ |
| લસણ | ૪૫૦ | ૮૬૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૪૦૦ |
| ધાણી | ૧૨૫૦ | ૧૪૫૦ |
| જીરૂ | ૩૨૫૦ | ૩૮૦૧ |
| રાય | ૧૨૪૦ | ૧૬૭૫ |
| મેથી | ૮૩૦ | ૧૨૭૦ |
| રાયડો | ૧૨૧૫ | ૧૨૬૫ |
| રજકાનું બી | ૬૦૦૦ | ૭૨૦૦ |
| ગુવારનું બી | ૮૦૦ | ૮૭૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૨૭ | ૬૫૩ |
| પપૈયા | ૬૮ | ૯૩ |
| બટેટા | ૨૬૫ | ૫૪૧ |
| ડુંગળી સુકી | ૪૫ | ૨૮૦ |
| ટમેટા | ૨૪૬ | ૩૬૩ |
| સુરણ | ૮૩૨ | ૯૭૬ |
| કોથમરી | ૨૭૭ | ૪૩૪ |
| મુળા | ૨૭૮ | ૩૮૧ |
| રીંગણા | ૪૯૮ | ૧૦૧૨ |
| કોબીજ | ૧૦૬ | ૨૧૩ |
| ફ્લાવર | ૩૯૨ | ૫૦૮ |
| ભીંડો | ૪૦૬ | ૬૦૯ |
| ગુવાર | ૮૧૨ | ૧૨૨૧ |
| ચોળાસીંગ | ૩૦૬ | ૫૧૩ |
| વાલોળ | ૨૯૮ | ૮૦૩ |
| ટીંડોરા | ૨૪૬ | ૫૩૨ |
| દુધી | ૧૨૪ | ૩૦૬ |
| કારેલા | ૪૫૨ | ૬૧૩ |
| સરગવો | ૭૧૬ | ૧૬૩૨ |
| તુરીયા | ૬૦૯ | ૮૧૪ |
| પરવર | ૭૧૭ | ૯૩૨ |
| કાકડી | ૩૦૪ | ૫૦૯ |
| ગાજર | ૫૨૨ | ૭૬૩ |
| વટાણા | ૨૪૧૫ | ૩૦૨૧ |
| ગલકા | ૨૯૧ | ૫૦૮ |
| બીટ | ૩૦૭ | ૫૧૪ |
| મેથી | ૩૧૬ | ૪૩૨ |
| વાલ | ૧૦૧૭ | ૧૨૦૮ |
| ડુંગળી લીલી | ૩૬૪ | ૫૨૨ |
| આદુ | ૧૦૫૨ | ૧૪૨૬ |
| મરચા લીલા | ૨૦૯ | ૮૧૧ |
| હળદર લીલી | ૭૨૫ | ૯૪૭ |
| લસણ લીલું | ૧૦૨૬ | ૨૨૪૩ |
| મકાઇ લીલી | ૧૮૭ | ૩૨૨ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| મરચા | ૧૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૨૦૦ | ૯૦૦ |
| ફ્લાવર | ૪૦ | ૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૯૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૬૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૪૮૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૧૬૦ | ૧૦૦૦ |
| તુવેર | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૪૦૦ | ૧૦૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૩૦૦ | ૪૩૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૨ | ૬ |
| તાંજરીયા પુરા | ૨ | ૫ |
| કોથમીર પુરા | ૨ | ૯ |
| મૂળા પુરા | ૫ | ૮ |
| ફોદીનો પુરા | ૨ | ૫ |
| પચકારુ | ૪૦૦ | ૬૦૦ |
| ચૂરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| અલાવિપન | ૫ | ૧૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૨ | ૬ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૩૦ | ૪૦ |
| ચોરા | ૧૦૦ | ૮૦૦ |
| કારેલા | ૧૮૦ | ૭૦૦ |
| વાલોર | ૧૮૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૬૦૦ |
| ફણશી | ૧૮૦૦ | ૨૪૦૦ |
| મકાઇ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૨ | ૧૦ |
| પાલક પુરા | ૧ | ૪ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| અડદ | ૧૦૭૫ | ૧૦૭૫ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૯૧૨ | ૯૧૨ |
| શીંગ ૩૯ | ૭૭૧ | ૧૧૦૧ |
| શીંગ ગીરનારી | ૮૬૬ | ૧૧૨૨ |
| શીંગ જી-૨૦ | ૭૧૪ | ૧૧૩૬ |
| એરંડા | ૯૯૧ | ૯૯૧ |
| જુવાર | ૪૪૮ | ૪૪૮ |
| બાજરી | ૩૬૩ | ૫૯૨ |
| ઘઉં ટુકડા | ૫૧૮ | ૬૨૨ |
| સોયાબીન | ૭૬૧ | ૮૦૧ |
| ચણા | ૯૯૨ | ૯૯૨ |
| તલ સફેદ | ૧૪૩૦ | ૧૬૧૫ |
| ડુંગળી લાલ | ૭૦ | ૨૭૨ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૧૫૫ |
| કપાસ શંકર | ૭૦૦ | ૧૫૦૦ |
| નાળીયેર | ૭૮૦ | ૩૩૫૦ |

**સોનાનો ભાવ રૂ.૧,૨૧,૨૯૭ પ્રતિ ૧૦ ગ્રામ થયો**

# છેલ્લા એક અઠવાડિયામાં સોનાનાં ભાવમાં રૂ.૧૦ હજારનો ઘટાડો, ચાંદીના ભાવ પણ ઘટ્યા

મુંબઈ,તા.૩૧

સોના અને ચાંદીના ભાવમાં સતત નરમાઈનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. સવારે ૧૦:૧૪ વાગ્યે, મલ્ટિ કોમોડિટી એક્સચેન્જ પર ડિસેમ્બર ડિલિવરી માટે સોનાનો ભાવ પાછલા સત્રથી ૦.૧૭ ટકા ઘટીને રૂ.૧,૨૧,૨૯૭ પ્રતિ ૧૦ ગ્રામ થયો. તેવી જ રીતે, ચાંદી પણ પાછલા સત્રથી ૦.૨૮ ટકા ઘટીને રૂ.૧,૪૮,૪૨૧ પ્રતિ કિલોગ્રામ થઈ ગઈ. ફેડરલ રિઝર્વની આક્રમક ટિપ્પણીઓ અને યુએસ-ચીન વેપાર



સોદાની આશાને કારણે ડોલર મજબૂત થયો, જેના કારણે સોનાના ભાવ વધુ નબળા પડ્યા.

ગુડ રિટર્ન મુજબ, દિલ્હીમાં શુક્રવારે સોનાનો ભાવ ૨૪ કેરેટ સોના માટે પ્રતિ ગ્રામ ૧૨,૨૮૩, ૨૨ કેરેટ સોના માટે પ્રતિ ગ્રામ ૧૧,૨૬૦ અને ૧૮ કેરેટ સોના માટે પ્રતિ ગ્રામ ૯,૨૧૬ રહ્યો. મુંબઈમાં શુક્રવારે સોનાનો ભાવ ૨૪ કેરેટ સોના માટે પ્રતિ ગ્રામ ૧૨,૨૬૮, ૨૨ કેરેટ સોના માટે પ્રતિ ગ્રામ ૧૧,૨૪૫ અને ૧૮ કેરેટ સોના માટે પ્રતિ ગ્રામ ૯,૨૦૧ રહ્યો. કોલકાતામાં શુક્રવારે સોનાનો ભાવ ૨૪ કેરેટ સોના માટે પ્રતિ ગ્રામ ૧૨,૨૬૮, ૨૨ કેરેટ સોના માટે પ્રતિ ગ્રામ ૧૧,૨૪૫ અને ૧૮ કેરેટ સોના માટે પ્રતિ ગ્રામ ૯,૨૦૧ રહ્યો.

બેંગ્લોરમાં શુક્રવારે સોનાનો ભાવ ૨૪ કેરેટ સોના માટે પ્રતિ ગ્રામ ૧૨,૨૬૮, ૨૨ કેરેટ સોના માટે પ્રતિ ગ્રામ ૧૧,૨૪૫ અને ૧૮ કેરેટ સોના માટે પ્રતિ ગ્રામ ૯,૨૦૧ રહ્યો હતો.

# અમેરિકાના શેરબજારમાં કડાકો: વિશ્વના ૧૦ ધનિકોની નેટવર્થ ઘટી

વોશિંગ્ટન,તા.૩૧

અમેરિકાના શેરબજારમાં કડાકો નોંધાતા વિશ્વના ટોચના ૧૦ ધનિકોની નેટવર્થમાં મોટો ઘટાડો નોંધાયો છે. જેમાં માર્ક ઝુકરબર્ગને સૌથી મોટો ફટકો પડ્યો છે. વિશ્વના ટોચના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુકની પેરેન્ટ કંપની મેટા પ્લેટફોર્મ્સના શેર ગુરુવારે ૧૧ ટકાથી વધુ તૂટતાં કંપનીના સીઈઓ ઝુકરબર્ગની કુલ સંપત્તિમાં ૨૯.૨ અબજ ડોલરનો ઘટાડો નોંધાયો છે. આ સાથે, તેમની કુલ સંપત્તિ હવે ૨૩૫ અબજ ડોલર થઈ ગઈ છે. ઝુકરબર્ગ ધનિકોની યાદીમાં ત્રીજા સ્થાનેથી પાંચમા સ્થાને સરકી ગયા છે. ઝુકરબર્ગની નેટવર્થમાં ૨૯.૨ અબજ ડોલરનો ઘટાડો બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સ દ્વારા નોંધાયેલો ચોથો સૌથી મોટો એક દિવસીય બજાર-આધારિત ઘટાડો હતો. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કે ગુરુવારે ૧૫.૩ અબજ ડોલર ગુમાવ્યા હતા. જેમની કુલ નેટવર્થ ઘટી ૪૫૭ અબજ ડોલર થઈ છે. ઓરેકલના ફાઉન્ડર લેરી એલિસનની નેટવર્થ ૧૯.૮ અબજ ડોલર ઘટી ૩૧૭ અબજ ડોલર થઈ હતી. એમેઝોનના ફાઉન્ડર જેફ બેજોસની સંપત્તિમાં પણ ૬.૬ અબજ ડોલરનું નુકસાન નોંધાયુ હતું.


# ૨૦૨૬માં વૈશ્વિક કોમોડિટીના ભાવ ૬ વર્ષના તળીયે જશે: વિશ્વ બેંક

મુંબઈ,તા.૩૧




વિશ્વ બેંકના તાજેતરના કોમોડિટી માર્કેટ્સ આઉટલૂક અનુસાર ૨૦૨૬માં વૈશ્વિક કોમોડિટીના ભાવ છ વર્ષના તળીયે પહોંચવાની ધારણા છે. જે સતત ચોથા વર્ષે ઘટાડો દર્શાવે છે. ટ્રેડમાં મોટી ઉથલપાથલ, ક્રુડ ઓઈલના પુરવઠામાં ભરાવો અને સતત નીતિગત અનિશ્ચિતતા વચ્ચે નબળા વૈશ્વિક આર્થિક વિકાસને કારણે ૨૦૨૫ અને ૨૦૨૬માં ભાવમાં સાત ટકાનો ઘટાડો થવાનો અંદાજ છે. કોમોડિટી બજારો વૈશ્વિક અર્થતંત્રને સ્થિર કરવામાં મદદ કરી રહ્યા હોવાનું વિશ્વ બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી ઈન્દરમીત ગિલે જણાવ્યું હતું. પરંતુ આ રાહત ટકશે નહીં. સરકારોએ તેનો ઉપયોગ તેમના ઘર આંગણે નાણાકીય સ્થિતિને વ્યવસ્થિત કરવા માટે કરવો જોઈએ એવું તેમનું કહેવું છે.

## શબ્દ સંજોગ-૨૦૯૩



**આડી ચાવી :**
(૧) શરીરની ઉંચાઈ કે જાડાઈ (૨)
(૩) જાંબુનું ઝાડ (૩)
(૬) આ બાજુ, આ તરફ (૨)
(૮) ધીમેથી મારેલી થપાટ (૩)
(૧૧) થોડા વાળની સેર (૨)
(૧૨) પગના તળિયાનો એડી તરફનો ભાગ (૨)
(૧૩) જોવું તે, દ્રષ્ટિ (૩)
(૧૫) ધોયેલા ઘઉંનો બારીક લોટ (૨)
(૧૬) નવી વહુ (૩)
(૧૮) કિવા, કાં તો (૧)
(૨૦) પાણી જવાનો રસ્તો (૨)
(૨૧) ભાઈબંધ (૩)
(૨૪) એક વિદેશી દારૂ (૨)
(૨૭) સ્વાદ, લહેજત (૩)
(૨૯) બહેન (૨)
(૩૦) વજનદાર વસ્તુને ઉંચી કરવા માટેની યાંત્રિક કરામત- તેનું ઓજાર (૨)
(૩૧) પોતાની જ માશૂકને ચાહનાર બીજો આશક (૩)
(૩૨) જાણકાર, વિદ્વાન (૩)
(૩૩) નાળિયેરને કોતરીને કરેલું એક વાસણ (૩)

**ઉભી ચાવી :**
(૧) એક જાતની તલવાર (૪)
(૨) પુષ્કળ, બમણું (૩)
(૪) દાઢી અને ગાલ ઉપર આવી રહે તેમ માથે કપડું બાધવું તે (૩)
(૫) બારણું (અં) (૨)
(૭) સત્તા, અમલ (૩)
(૧૦) ઉત્પન્ન કરવુ તે (૩)
(૧૨) ચરણામૃત (૪)
(૧૪) ઔષધિના ગુણવાળુ મૂળિયુ (૨)
(૧૫) ભીડ, ટોળુ (૩)
(૧૬) મધ્યાહ્ન (૩)
(૧૯) બ્રાહ્મણની એક જાત (૪)
(૨૨) વાયદાના ભાવ પર રમાતો એક જુગાર (૩)
(૨૩) નાનો ટુકડો (૩)
(૨૫) માલિશ, ચંપી (૩)
(૨૬) વરને આપવાની પરઠણ (૩)
(૨૮) બે પહાડ વચ્ચેનો સાંકડો માર્ગ (૩)

## શબ્દ સંજોગ-૨૦૯૨ જવાબ


**આડી ચાવી:** (૧) વિધિ (૨) એલાન (૪) ઓખા (૬) તળે (૭) સરંજામ (૯) બાલાર્ક (૧૨) જર (૧૩) લય (૧૪) ખાખરા (૧૬) નકવેસર (૧૮) નારદ (૨૦) ણવે(વેણ) (૨૨) શેવાળ (૨૩) તરતમ (૨૫) સભાન (૨૭) ડીયર (૨૮) રકબો. **ઉભી ચાવી:** (૧) વિદ્યાબાલન (૨) એળે (૩) નસ (૪) ઓજાર (૫) ખામ (૬) તર્ક (૮) રંજ (૧૦) લાયક (૧૧) પોખરણ (૧૪) ખાસ (૧૫) વૃંદ (૧૭) વેતાળ (૧૯) રજત (૨૧) વેતન (૨૨) શેરડી (૨૪) મહાબો (૨૬) ભાલ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સુરતમાં 'સમન્વય' અને 'સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ'ના સંયુક્ત ઉપક્રમે સરદાર પટેલની જયંતિની ભવ્ય ઉજવણી

સુરત,તા.૩૧

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે સુરતમાં શિક્ષણ સંવર્ધન અભિયાન 'સમન્વય' અને સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના સંયુક્ત ઉપક્રમે જમનાબા વિદ્યાર્થી ભવન, વાલક પાટિયા ખાતે આનંદ અને ઉલ્લાસભેર કાર્યક્રમ યોજાયો હતો.



કાર્યક્રમમાં વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ, સુરત મહાનગરપાલિકાના મેયર દક્ષેશભાઈ માવણી, ધારાસભ્યો અને સરદારપ્રેમી નાગરિકો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે લાલજીભાઈ પટેલ (ધર્મનંદન ડાયમંડ્સ)ના વરદ હસ્તે 'સરદાર વંદના' પુસ્તિકાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજેશ ધામેલિયાએ જાહેરાત કરી હતી કે, 'સમન્વય' જૂથ દ્વારા આ સમગ્ર વર્ષ દરમિયાન ગુજરાતની ૫૬પથી વધુ શાળાઓમાં 'સરદાર વંદના' પુસ્તિકા પહોંચાડવામાં આવશે અને લાલજીભાઈ પટેલના સૌજન્યથી સરદાર વલ્લભભાઈનાં ૧૧ પુસ્તકોનો સેટ ભેટ આપવામાં આવશે. વક્તાઓએ સરદાર પટેલના ત્યાગ, સમર્પણ અને કુનેહથી અખંડ ભારતના નિર્માણના ભગીરથ કાર્યની સરાહના કરી હતી અને જણાવ્યું હતું કે, સરદાર કોઈ સમાજના નહીં, પણ સમગ્ર રાષ્ટ્રના નેતા હતા અને યુવાનોએ તેમના કાર્યોથી પરિચિત થવું જોઈએ.

# રાજુલામાં ફરી ત્રણ ઈંચ વરસાદ ખાબકતા ધાતરવડી ડેમના ૧૦ દરવાજા ખોલાયા

અમરેલી,તા.૩૧

ગુજરાતમાં કમોસમી વરસાદે ખેડૂતોની માઠી દશા બેસાડી છે ત્યારે શુક્રવારે ફરીવાર રાજુલામાં ત્રણ ઈંચ વરસાદ નોંધાતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ધાતરવાડી ડેમ-૨માં ફરી પાણીની આવક વધતા એક સાથે ૧૦ દરવાજા ખોલી પાણી છોડવામાં આવતા નીચાણવાળા ખાખબાઈ,



હિંડોરણા, ઉચૈયા, ભચાદર, વડ, રામપરા, ભેરાઈ, કોવાયા સહિતના ગામોને એલર્ટ કરાયા છે. જાફરાબાદ તાલુકાના ટીંબી ગામની રુપેણ નદીમાં ફરીવાર પૂર આવ્યું છે. ઉના શહેરમાં ધોધમાર વરસાદને પગલે રોડ પર પાણી ભરાતા લોકો મુશ્કેલી અનુભવી રહ્યા છે. છેલ્લા છ-સાત દિવસથી પડી રહેલાં કમોસમી વરસાદથી ખેડૂતોને રાતાપાણીએ રોવાનો વારો આવ્યો છે. હવે સરકાર સહાય કરે તે માટે ખેડૂતો મીટ માંડીને બેઠા છે.

**ટીંબી ગામની રૂપેણ નદીમાં પણ પૂરની સ્થિતિ**

# જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયા પાસે ખંડણી માંગનાર બે શખ્સની અટકાયત

જૂનાગઢ,તા.૩૧

જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયાને ૨ દિવસ પૂર્વે આંતરરાષ્ટ્રીય વોટ્સએપ કોલ મારફતે ખંડણી માંગીને પરિવારના તમામ સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી આફ્રિકાના કોંગોમાં રહેતા સમીર બલોચ નામના વ્યક્તિએ આપી હોવાનું સામે આવ્યું છે. આ સિવાય અમદાવાદનો રોનક ઠાકુર અને વેરાવળનો ઈમરાન પણ ખંડણી માંગવાના કેસમાં સામેલ જોવા મળતા પોલીસે ઈમરાનની વેરાવળથી અને રોનક ઠાકુરની અમદાવાદથી અટકાયત કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. તો મુખ્ય આરોપી સમીર બલોચ હાલ સાઉથ આફ્રિકાના કોંગો શહેરમાં રહે છે. જેને પકડી પાડવા માટે પણ પોલીસે તપાસ શરૂ કરી છે. મુખ્ય આરોપી સમીર તાલાલા તાલુકાના ચિત્રાવડ ગામનો વતની છે અને હાલ તે કોઈ કારણોસર સાઉથ આફ્રિકાના કોંગોમાં રહે છે. મુખ્ય આરોપી સમીર બલોચ સામે તાલાલા પોલીસ સ્ટેશનમાં એક અપરાધ અગાઉ નોંધાઈ ચૂક્યો છે.

# સરદાર પટેલના પરિવારજનોની ઉપસ્થિતિમાં એકતાનગર ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી

(એચ.એસ.એલ),નર્મદા,તા.૩૧

લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે એકતાનગર ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવી છે. આ ઉજવણીની પૂર્વ સંધ્યાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ઉપસ્થિતિ રહ્યા હતા. મોદીની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ યોજાયેલા કાર્યક્રમમાં ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલના પરિવારજનો સહભાગી બન્યા હતા. સરદાર સાહેબના પૌત્ર



ગૌતમભાઈ પટેલ અને તેમના પત્ની શ્રીમતી નંદિતાબેન પટેલ, તેમના પુત્ર અને પુત્રવધૂ કેદારભાઈ અને રીનાબેન તથા પૌત્રી કરીના સહભાગી થયા હતા. સરદાર વલ્લભભાઈ પટેલના વંશજોમાં ગૌતમ ડાહ્યા પટેલ (સરદાર પટેલના પૌત્ર) હાલ ૮૦ વર્ષના છે અને તેઓ પરિવારના વરિષ્ઠ સભ્ય તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમના પત્ની ડો. નંદિતા ગૌતમ પટેલ ૭૯ વર્ષના છે. સરદાર પટેલના પ્રપૌત્ર તરીકે કેદાર ગૌતમ પટેલ પણ પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા. તેમના પત્ની રીના પટેલ તથા તેમની પુત્રી કુમારી કરીના કેદાર પટેલ જે સરદાર પટેલની પ્રપ્રપૌત્રી છે તેઓ પણ એકતાનગર ખાતે પહોચ્યા હતા.

# કરજણ પાસે બે જુદા-જુદા અકસ્માતમાં બેના મોત થયા

વડોદરા,તા.૩૧

વડોદરામાં કરજણ પાસે બે જુદાં-જુદાં માર્ગ અકસ્માતમાં બેના મોત થયા હતા. વડોદરાના ગણપતપુર ગામ પાસે ટ્રક સાથે બાઈક અને ટેમ્પો અથડાયા હતા. ટ્રક સાથે અથડાવાના કારણે બાઈક સવારનું ઘટનાસ્થળે મોત થયું હતું. જ્યારે ટેમ્પો ચાલકને ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ ગમખ્વાર અકસ્માત નેશનલ હાઈવે નંબર ૪૮ પર લાકોદરા પાસે સર્જાયો હતો. આ ઉપરાંત બીજા અકસ્માતમાં અજાણ્યા વાહને રાહદારીને અડફેટે લેતા તેનું મોત નિપજ્યું હતું. અજાણ્યા રાહદારીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવાયો હતો. તેના સગાસંબંધીઓની તપાસ શરૂ કરવામાં આવી છે. તેની ઓળખ સુનિશ્ચિત કર્યા પછી તેના સગાસંબંધીઓને જાણ કરી દેવાશે. આ ઘટના બતાવે છે કે વડોદરામાં વાહનચાલકો કેવા બેફામ છે. વડોદરામાં દિનપ્રતિદિન અકસ્માતની ઘટનામાં વધારો થઈ રહ્યો છે.

# અંબાલાલ પટેલની ખેડૂતોને ચિંતા કરાવતી આગાહી નવેમ્બર-ડિસેમ્બરમાં પણ કમોસમી વરસાદ થશે

અમદાવાદ,તા.૩૧

હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે બીજી આગાહી કરી છે. અંબાલાલ પટેલ અનુસાર નવેમ્બર અને ડિસેમ્બરમાં પણ ગુજરાતમાં વરસાદ પડવાની શક્યતા છે. ૨ નવેમ્બરે દક્ષિણ સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં કમોસમી વરસાદ પડવાની શક્યતા છે. મહેસાણા અને પંચમહાલના કેટલાક ભાગોમાં પણ બે અન્ય તારીખે કમોસમી



વરસાદ પડી શકે છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ બે અન્ય તારીખે વરસાદ પડવાની શક્યતા છે. ૫ નવેમ્બર સુધી હવામાન બદલાતું રહેશે. ૭ નવેમ્બર પછી ઠંડી વધુ તીવ્ર બનશે. રવિ પાક માટે હવામાન અનુકૂળ રહેશે. ૭ નવેમ્બર પછી દક્ષિણ ભારતમાં ભારે વરસાદની અપેક્ષા છે. ૧૮ નવેમ્બર પછી બંગાળની ખાડીમાં ચક્રવાત બનશે. ડિસેમ્બરમાં બંગાળની ખાડીમાં બીજું ચક્રવાત બનશે. બંગાળની ખાડીમાં ચક્રવાત ચાલુ રહેશે. ૧૫ ડિસેમ્બરે ફરી કમોસમી વરસાદ પડી શકે છે.

ગુજરાતમાં આગામી અઠવાડિયામાં વરસાદ થવાની સંભાવના સેવાઈ રહી છે ત્યારે ભાવનગર, જૂનાગઢ, ભરૂચ, સુરત, અમદાવાદ અને ગાંધીનગરમાં વરસાદની સંભાવના છે. ઉત્તર અને મધ્ય ગુજરાતમાં પણ વાવાઝોડાની શક્યતા છે. અંબાલાલ પટેલે આગામી બે દિવસ કમોસમી વરસાદની આગાહી કરી છે. સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ભારે કમોસમી વરસાદની આગાહી છે.

# સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે અમદાવાદમાં રન ફોર યુનિટીને પ્રસ્થાન કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

મુંબઈ,તા.૩૧

લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિએ એકતા દિવસ નિમિત્તે રન ફોર યુનિટીનું આયોજન કરાયુ હતું. તેમાં અમદાવાદના નારણપુરામાં રન ફોર યુનિટીનું આયોજન થયુ હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રન ફોર યુનિટીને લીલીઝંડી આપી હતી તથા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી



હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એકતાના શપથ લેવડાવ્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે ભારતની એકતા અખંડિતતાના પ્રણેતાને ભાવાંજલિ. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સરદાર પટેલને શ્રેષ્ઠ અંજલિ આપી છે. મોદી માટે એકતાનો મંત્ર સર્વોપરિ છે. ભારત ત્રીજી મોટી આર્થિક મહાસત્તા બનવા તરફ જઈ રહ્યું છે. અત્યારે એક થઈને સ્વદેશી અપનાવવાનો સંકલ્પ કરીએ. જ્યાં હોઈએ ત્યાં દેશની એકતાનો સંદેશ આત્મસાત કરીશું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નારણપુરાની સરદાર પટેલ કોલોનીમાં આવેલી સરદાર પટેલની પ્રતિમા પાસેથી સવારે ૭.૩૦ વાગ્યે યુનિટી માર્ચનું પ્રસ્થાન કરાવ્યું હતું.

# દ્રોણેશ્વર એસજીવીપી ગુરુકુલના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય એકતા દિવસે બેન્ડ નિદર્શન કર્યું

ગીર ગઢડા,તા.૩૧

રાજ્ય કક્ષાએ પ્રથમ આવેલ દ્રોણેશ્વર એસજીવીપી ગુરુકુલના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સાંનિધ્યમાં બેગપાઈપ બેન્ડનું નિદર્શન કર્યું હતું. આ તકે ગુરુકુલના અધ્યક્ષ પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી તથા પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.



આર.ડી. વરસાણી કુમાર કન્યા વિદ્યાલયની ટીમને રાજ્યમાં પ્રથમ ક્રમે વિજેતા જાહેર થતાં એકતા દિવસની પરેડમાં બેન્ડ નિદર્શનનો લાભ મળ્યો હતો. આ બાળકોએ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

# કોડીનારમાં જલારામ બાપાની ૨૨૬ની જન્મ જયંતિ નિમિત્તે શોભાયાત્રાનું ભવ્ય આયોજન

કોડીનાર,તા.૩૧

કોડીનાર ગામે જલારામ બાપાની ૨૨૬ મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હતું.



તસવીર : ધર્મેશ પાઠક

જેમાં રઘુવીર સેના દ્વારા જલારામ બાપાની અદ્દભુત પાલખી તૈયાર કરવામાં આવી હતી. જે શહેરના લોકોનું આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ શોભાયાત્રામાં બહોળી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા.

# રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદ સાથે વાવાઝોડાની આગાહી કરાઈ

અમદાવાદ,તા.૩૧

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસો માટે રાજ્યમાં વરસાદને લઈને આગાહી કરવામાં આવી છે. જેમાં હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા અનુસાર, અરબી સમુદ્રમાં ડિપ્રેશનને કારણે ગુજરાતમાં ભારે વરસાદની આગાહી છે. આ સાથે રાજ્યના ઘણા વિસ્તારોમાં આગામી



ત્રણ દિવસ ભારે વરસાદ અને વાવાઝોડાની ચેતવણી આપવામાં આવી છે. હવામાન વિભાગ અનુસાર, દક્ષિણ ગુજરાતમાં પણ ભારે વરસાદની આગાહી છે. અમદાવાદમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. માછીમારોને આગામી ત્રણ દિવસ સુધી દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે, હવામાનની સ્થિતિને ધ્યાનમાં રાખીને માછીમારોએ સતર્ક રહેવું જોઈએ.

# ઉનામાં જલારામબાપાની ૨૨૬મી જન્મ જયંતિની લોહાણા મહાજન દ્વારા ભવ્ય ઉજવણી

ઉના,તા.૩૧

ઉનામાં લોહાણા મહાજન દ્વારા જલારામબાપાની ૨૨૬મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શહેરના વરસિંગપુર રોડ પર આવેલ જલારામ મંદિર પર સવારે જલારામ ભક્તોએ વિશાળ સંખ્યામાં જલારામબાપાની મહાઆરતી કરી હતી. બપોરે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ. ૪.૦૦ વાગ્યે જલારામબાપાની



તસવીર : કૈલાશ ભટ્ટ

પાલખી યાત્રા નીકળી હતી. જેમાં ઉના લોહાણા મહાજન પ્રમુખ ડો.મનોજ માનસેતા, જયંતીભાઈ નથવાણી, કાંતિભાઈ છગ, ગુણવંતભાઈ રૂપારેલ, રસિકભાઈ તન્ના, અશોકભાઈ કોટેચા સહિતના રઘુવંશીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. શહેરના ટાવર ચોક અને ત્રિકોણબાગ પર ભવ્ય આતશબાજી કરવામાં આવી હતી.

ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે હસ્તે ગીરગઢડા રોડથી જલારામ મંદિર તરફ જતા રોડનું નામકરણ 'જલિયાણ માર્ગ' કરવામાં આવ્યું હતું. જેમાં નગરપાલિકા પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, ચંદ્રેશભાઈ જોશી, રાજુભાઈ ડાભી, અલ્પેશભાઈ બાંભણીયા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે લોહાણા સમાજે ગાયોને ૨૨૬ કિલો લાડવાનો ભોગ ધર્યો હતો.

# રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી, ઉના પોલીસે 'રન ફોર યુનિટી'નું આયોજન કર્યું

**રન ફોર યુનિટી કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ પણ જોડાયા**

ઉના,તા.૩૧

લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવવાના ભાગરૂપે ઉના પોલીસ દ્વારા 'રન ફોર યુનિટી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



ઉના પી.આઈ. એન.એમ. રાણાની આગેવાની હેઠળ યોજાયેલા આ 'રન ફોર યુનિટી' કાર્યક્રમમાં પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ., પોલીસ સ્ટાફ, હોમગાર્ડ, જી.આર.ડી., ટી.આર.બી.ના જવાનો, મહિલા પોલીસકર્મીઓ તેમજ એચ.એમ.વી. કોલેજના એનએસએસ (NSS) સ્વયંસેવકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સવારે ૮:૦૦ વાગ્યે ત્રિકોણ બાગથી ૮૦ ફૂટના રોડ સુધી 'રન ફોર યુનિટી'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય ઉદ્દેશ્ય દેશની એકતા અને અખંડિતતાનો સંદેશો ફેલાવવાનો હતો. આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓએ સરદાર વલ્લભભાઈ પટેલના દેશ માટેના પ્રેરણાદાયી કાર્યો અને રાષ્ટ્ર નિર્માણમાં તેમના અમૂલ્ય યોગદાનને યાદ કરી તેમને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# ભારત અને અમેરિકાએ ૧૦ વર્ષના સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા

નવીદિલ્હી,તા.૩૧

ભારત અને અમેરિકા વચ્ચે ૧૦ વર્ષના સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરારને બંને દેશો વચ્ચેના સંબંધો માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ગણાવવામાં આવી રહ્યો છે. કરાર પર હસ્તાક્ષર થયા બાદ, યુએસ સંરક્ષણ સચિવે જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે સંરક્ષણ સંબંધ ક્યારેય આટલા મજબૂત રહ્યા નથી. સોશિયલ મીડિયા પોસ્ટમાં,



યુએસ સંરક્ષણ સચિવ પીટ હેગસેથે જણાવ્યું હતું કે તેઓ ભારતીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહને મળ્યા હતા અને સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ભારત અને યુએસ વચ્ચેનો કરાર પ્રાદેશિક સ્થિરતાને મજબૂત બનાવશે. રાજનાથ સિંહે અગાઉ ઓગસ્ટમાં વોશિંગ્ટનમાં હેગસેથને મળવાનું આયોજન કર્યું હતું, પરંતુ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય આયાત પર ટેરિફ બમણી કરીને ૫૦% કરી દીધો હતો, જેનાથી બંને દેશો વચ્ચેના સંબંધો દાયકાઓમાં સૌથી નીચા સ્તરે આવી ગયા હતા. રાજનાથ સિંહની યુએસ મુલાકાત રદ કરવામાં આવી હતી. રાજનાથ સિંહ **ASEAN** સંરક્ષણ પ્રધાનોની સમિટમાં ભાગ લેવા માટે કુઆલાલંપુર ગયા છે, જ્યાં તેમણે અને યુએસ સંરક્ષણ પ્રધાને કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

# સતત વરસાદને કારણે ઈતિહાસમાં પહેલીવાર ગિરનારની લીલી પરિક્રમા સ્થગિત કરવાનો નિર્ણય

જુનાગઢ,તા.૩૧

ગિરનારની લીલી પરિક્રમા અંગે સૌથી મોટા સમાચાર આવ્યા છે. આખરે ગિરનાર લીલી પરિક્રમા સ્થગિત કરાઈ છે. વરસાદને કારણે પરિક્રમા રૂટ ખરાબ હોવાથી શ્રદ્ધાળુને મુશ્કેલી પડી શકે છે, જેથી વહીવટી તંત્ર અને સાધુ સંતો દ્વારા આ નિર્ણય લેવાયો છે. હવે સાધુ સંતો સાથે પ્રતિકાત્મક પરિક્રમા થશે. મહેશગિરી બાપુએ માહિતી આપતા જણાવ્યું કે, ‘જય ગિરનારી, નમો નારાયણ આજે પરિક્રમાના મેળા માટે હું આપ સૌને એક અપીલ કરવા માગું છું. અત્યારે સમગ્ર ગુજરાતમાં અને જૂનાગઢમાં જે વાતાવરણ



છે એ થોડું તોફાનભર્યું વાતાવરણ પણ બની શકે છે. વરસાદની આગાહીઓ પણ ખૂબ થઈ છે એટલે સરકારી તંત્ર સાથે જ્યારે વાત થઈ તો સરકારી તંત્રને અમે કહ્યું કે ગમે તેવા કપરાં કાળમાં પણ પરિક્રમા તો થઈ જ છે પણ આ પરિસ્થિતિને જોતા એનું સ્વરૂપ કેવું રાખવું એ આપ નક્કી કરજો. ૩૧ તારીખે વાતાવરણ શું છે અને આગળ શું થાય છે એ જોઈને કલેક્ટર સાહેબ નક્કી કરશે અને કલેક્ટર સાહેબ અને વહીવટી તંત્રને અમે બધો જ સાથ સહકાર આપ્યો છે. અત્યારે અમે કહ્યું છે કે લીલી પરિક્રમાનું સ્વરૂપ કેવું રાખવું એ આપ નિર્ણય લેશો. હું ગુજરાતના અને દેશભરના બધા ભાવિક ભક્તોને કહેવા માગું છું કે વરસાદી વાતાવરણ છે એટલે આપ સર્વો વિવેકપૂર્ણ નિર્ણય લઈને અહીં આવજો. ખાસ કરીને વૃદ્ધોને, બાળકોને જણાવવાનું અહીં આવવાનું જેટલું ટાળીએ એ વધારે સારું બાકી બધા યાત્રિકો છે.

# મહારાષ્ટ્રની શાળાઓમાં મુસ્લિમ વિદ્યાર્થીઓ વંદે માતરમ નહીં ગાય : અબુ આઝમી

મુંબઈ,તા.૩૧

દેવેન્દ્ર ફડણવીસ સરકારે મહારાષ્ટ્રની તમામ શાળાઓને ૩૧ ઓક્ટોબરથી ૭ નવેમ્બર સુધી રાષ્ટ્રગીત "વંદે માતરમ"નું સંપૂર્ણ સંસ્કરણ ગાવાનો નિર્દેશ આપ્યો છે. શાળા શિક્ષણ વિભાગે ૨૭ ઓક્ટોબરે આ સંદર્ભમાં એક પરિપત્ર બહાર પાડ્યો હતો. જોકે, શિક્ષણ વિભાગના આ આદેશથી મહારાષ્ટ્રમાં રાજકીય ચર્ચા શરૂ થઈ ગઈ છે. સમાજવાદી પાર્ટીના નેતા અબુ આઝમીએ આ પગલાનો વિરોધ કરતા કહ્યું કે વંદે માતરમ ગાવાનું ફરજિયાત ન બનાવવું જોઈએ કારણ કે દરેકની માન્યતાઓ અલગ છે. જોકે, શાસક ભાજપે આકરી પ્રતિક્રિયા આપતા કહ્યું કે જો ધારાસભ્યો રાષ્ટ્રગીતનું સન્માન કરતા નથી, તો તેમણે પાકિસ્તાન જવું જોઈએ. શિક્ષણ વિભાગના આદેશમાં જણાવાયું છે કે બંકિમ ચંદ્ર ચેટર્જી દ્વારા રચિત વંદે માતરમ ૩૧ ઓક્ટોબરે ૧૫૦ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. હાલમાં, રાજ્યભરની શાળાઓમાં રાષ્ટ્રગીતના પહેલા બે શ્લોક ગવાય છે.

# આતંકવાદી પ્રવૃત્તિમાં સંડોવણીની આશંકાને લઈ જોધપુરમાંથી ત્રણ મૌલવીની એટીએસ દ્વારા ધરપકડ

જોધપુર,તા.૩૧

એટીએસ અને આઈબી દ્વારા શુક્રવારે રાજસ્થાનના જોધપુરમાં અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા. ગુપ્તચર એજન્સીઓએ વહેલી સવારે જોધપુર, સાંચોર અને પીપરમાં એક સાથે દરોડામાં ત્રણ મૌલવીઓની ધરપકડ કરી. અયુબની જોધપુરમાં, મસૂદની પીપરમાં ધરપકડ કરવામાં આવી. ઉસ્માનની સાંચોરમાં ધરપકડ કરવામાં આવી





હતી. ત્રણેય મૌલવી છે. અયુબ અને મસૂદને જયપુર લઈ જવામાં આવ્યા હતા. પ્રારંભિક તપાસમાં આંતરરાષ્ટ્રીય ગેંગ અને આતંકવાદી સંગઠનો સાથેના સંબંધો હોવાનું બહાર આવ્યું છે. ટીમે ઘટનાસ્થળેથી ઘણા મહત્વપૂર્ણ દસ્તાવેજો, મોબાઈલ ફોન, આતંકવાદી સંગઠનો સાથે સંબંધિત સાહિત્ય અને દાનની રસીદો જપ્ત કરી છે. શુક્રવારે સવારે લગભગ ૫ વાગ્યે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એવું જાણવા મળ્યું છે કે આ સમગ્ર કામગીરી ગૃહ મંત્રાલય, નવી દિલ્હીના નિર્દેશ પર કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપી મૌલવી તરીકે કામ કરતો હતો અને લાંબા સમયથી ગુપ્તચર એજન્સીઓના રડાર પર હતો.

# ચક્રવાત મોન્થા ડિપ્રેશનમાં ફેરવાતા અનેક રાજ્યોમાં વરસાદ, મધ્યપ્રદેશમાં તાપમાન ગગડ્યું

નવીદિલ્હી,તા.૩૧

ચક્રવાત મોન્થા સતત નબળું પડી રહ્યું છે, પરંતુ તેની અસર અનેક રાજ્યોમાં અનુભવાઈ રહી છે. ચક્રવાતને કારણે આંધ્રપ્રદેશ, તેલંગાણા અને ઓડિશાને નોંધપાત્ર નુકસાન થયું છે. આંધ્રપ્રદેશમાં ત્રણ લોકોના મોત થયા છે, ૪૨ પશુઓ માર્યા ગયા છે અને અંદાજે ૧.૫ લાખ એકર જમીન પર ઉભા પાકને નુકસાન થયું છે. તેલંગાણાના ઘણા ભાગોમાં ભારે વરસાદ ચાલુ છે. સૂર્યપેટમાં એક બાઈક સવારનું ઝાડ પડવાથી મૃત્યુ થયું છે. ખમ્મમ જિલ્લામાં એક ટ્રક ડ્રાઈવર પણ તણાઈ ગયો હોવાના અહેવાલ છે. ઉત્તર ભારતના રાજ્યોમાં ચક્રવાત મોન્થાની અસર અનુભવાઈ હતી. મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહારમાં પણ વરસાદ ચાલુ રહ્યો. અયોધ્યા, લખનૌ અને કાનપુર સહિત ઉત્તર પ્રદેશના ૧૫ શહેરોમાં વચ્ચે-વચ્ચે વરસાદ પડ્યો. કાશીમાં પાણી ભરાઈ ગયા. મધ્યપ્રદેશના અનેક જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ પડ્યો. ભોપાલ, ઈન્દોર અને ઉજ્જૈનમાં પણ જોરદાર પવન ફૂંકાયો હતો.

# સાયલાના વાંટાવચ્છ ગામે આપ દ્વારા ખેડૂત મહાપંચાયત યોજાઈ

સાયલા,તા.૩૧

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલાના વાંટાવચ્છ ગામમાં આમ આદમી પાર્ટી દ્વારા ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કડદા પ્રથા અને ખેડૂતો પરના અત્યાચારના અનેક મુદ્દાઓને લઈને ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તેમજ પંજાબના




મુખ્યમંત્રી ભગવંત માને ખેડૂતોના વિવિધ પ્રશ્નો મુદ્દે સરકારને ઘેરી હતી. કડદા પ્રથા અને ખેડૂતો પરના અત્યાચાર વિરુદ્ધ મહાપંચાયતમાં ચર્ચા થઈ. બોટાદ માર્કેટિંગ યાર્ડની કડદા પ્રથા અને ખેડૂતો પરના અત્યાચાર વિરુદ્ધ આમ આદમી પાર્ટીના નેતાઓ દ્વારા આ મહાપંચાયત યોજાઈ હતી. જેમાં અરવિંદ કેજરીવાલે ગુજરાત સરકારના મંત્રીમંડળના વિસ્તરણ અંગે અને બોટાદમાં ખેડૂતોને જેલમાં પુરવા જેવી અનેક બાબતો પર સરકાર પર આક્ષેપ કર્યા હતા. તેમણે જણાવ્યું કે, બોટાદમાં હર્ષ સંઘવીના ઈશારે પોલીસે ખેડૂતોને માર માર્યો હતો. ભાજપે સંઘવીને ઈનામ આપીને નાયબ મુખ્યમંત્રી બનાવી દીધા અને પટેલ સમાજના ભૂપેન્દ્ર પટેલને ડમી **CM** બનાવી દીધા. હવે ગુજરાતમાં સંઘવી ‘સુપર **CM** છે.

**અરવિંદ કેજરીવાલ અને ભગવંત માને ખેડૂતોના પ્રશ્ને રાજ્ય સરકારને ઘેરી**

# બીજી ટી-૨૦ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને ૪ વિકેટે હરાવ્યું, અભિષેક શર્માની તોફાની ફિફ્ટી એળે ગઈ

મેલબોર્ન,તા.૩૧

ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા સામેની ટી-૨૦ સિરિઝની બીજી મેચ ૪ વિકેટે હારી ગઈ છે. મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડમાં શુક્રવારે ઓસ્ટ્રેલિયન ટીમે ૧૨૬ રનનો ટાર્ગેટ ૧૩.૨ ઓવરમાં ૬ વિકેટે ચેઝ કરી લીધો. ટૉસ હારતા, પહેલા બેટિંગ કરી રહેલી ભારતીય ટીમની શરૂઆત ખરાબ રહી હતી. શુભમન ગિલ (૫ રન),





સંજુ સેમસન (૨ રન), તિલક વર્મા (૦) અને સૂર્યકુમાર યાદવ (એક રન) બનાવીને આઉટ થયા હતા. અભિષેક શર્માએ હર્ષિત રાણા સાથે ફિફ્ટીની ભાગીદારી કરીને ભારતનો સ્કોર ૧૦૦ને પાર પહોંચાડી દીધો. અભિષેક શર્માએ ૩૭ બોલમાં ૬૮ રન બનાવ્યા. તેના આઉટ થતાં જ ટીમ ઈન્ડિયા ૧૮.૪ ઓવરમાં ૧૨૫ રન પર ઓલઆઉટ થઈ ગઈ. ૯ બેટર્સ ૧૦નો આંકડો પણ સ્પર્શી શક્યા નહીં. ઓસ્ટ્રેલિયા તરફથી જોશ હેઝલવુડે ૩ વિકેટ ઝડપી. ઝેવિયર બાર્ટલેટ અને નાથન એલિસને ૨-૨ વિકેટ મળી. એક વિકેટ સ્ટોઈનિસને મળી. ૨ બેટર્સ રનઆઉટ થયા હતા.

# સુરતમાં રહેતા બિહારીઓ પોતાના સંબંધીઓને ફોન કરી એનડીએ સરકાર બનાવવા કહે : સી.આર. પાટીલ

સુરત,તા.૩૧

બિહારની ચૂંટણી માટે હવે આરપારની લડાઈ થઈ રહી છે. ત્યારે ચૂંટણી બિહારમાં છે, પણ રાજકીય ગરમાવો સુરતમાં આવ્યો છે. સુરતના અમરોલીમાં બિહારવાસીઓ સાથે સી.આર. પાટીલની વર્ચ્યુઅલ સભા યોજાઈ હતી. જેમાં સુરતમાં રહેતા બિહારી લોકોને સી.આર. પાટીલે હાકલ કરી હતી. જલશક્તિ મંત્રી સી.આર.



પાટીલે કહ્યું કે, એનડીએ સરકાર બનાવવા સુરતમાં રહેતા લોકો પોતાના સંબંધીઓને ફોન કરે. બિહારમાં રહેતા લોકો કહે છે કે સુરતમાં બિહારના લોકો રહે છે તેમને બિહાર બોલાવવા જોઈએ. બિહારમાં રહેતા લોકોને પણ સુરતમાં રહેતા બિહારી લોકો પાસે અપેક્ષા છે. બિહારની અલગ અલગ વિધાનસભા વિસ્તારના અનેક લોકો સુરતમાં કામ કરી રહ્યા છે. અન્ય લોકો પણ બિહાર જવા માંગે છે, પણ મુશ્કેલ છે. સુરતમાં રહીને પણ ભારતીય જનતા પાર્ટી માટે બિહારની જનતા કામ કરી શકે છે.

# આજથી ગુજરાતમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી નહીં થાય : મુખ્ય સચિવ અંજુ શર્મા

ગાંધીનગર,તા.૩૧

આજથી ટેકાના ભાવે પાકની ખરીદી શરૂ નહિ થાય. અધિક મુખ્ય સચિવ અંજુ શર્માએ જણાવ્યું કે, અગાઉ ૧લી નવેમ્બરથી ખરીદી પ્રારંભ કરવાનો નિર્ણય થયો હતો. પરંતુ ટેકાના ભાવે ખરીદીના એક દિવસ પહેલા જ નિર્ણય બદલાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આજે ૧લી નવેમ્બરથી ખરીફ પાકોની ટેકાના ભાવે શરૂ થનારી ખરીદી રદ કરાઈ છે. કમોસમી વરસાદ અને ખેડૂતની જણસ પલળી ગઈ હોવાના કારણે ખરીદી પ્રક્રિયા રદ કરાઈ છે. મગફળીનો કેટલો જથ્થો ખરીદવો તે અંગે હજુ સુધી નિર્ણય નથી લેવાયો. કમોસમી વરસાદમાં મગફળી અને અન્ય જણસ પલળતા ખરીદીમાં અવરોધ આવી શકે છે. મગફળી, અડદ, સોયાબીન અને મગની ટેકાના ભાવે ખરીદી કરવાની સરકારે અગાઉ જાહેરાત કરી હતી. ૧ લી નવેમ્બરથી ટેકાના ભાવે ખરીદી શરૂ કરવા સરકારે જાહેરાત કરી હતી.

# બિહારમાં એનડીએ ઉમેદવારના સમર્થનમાં યોગીની રેલી: આરજેડી પર આકરા પ્રહાર

સિવાન,તા.૩૧

યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સિવાનના રઘુનાથપુરમાં એનડીએ ઉમેદવારના સમર્થનમાં રેલી યોજી હતી. રેલી દરમિયાન તેમણે કોંગ્રેસ અને આરજેડી પર જોરદાર નિશાન સાધ્યું હતું. રેલીને સંબોધતા તેમણે કહ્યું કે રઘુનાથપુરમાં વંશીય માફિયાઓને ચૂંટણી જીતવા દેવી જોઈએ નહીં. જેમણે સિવાનના



લોકોને ભયના વાતાવરણમાં જીવવા માટે મજબૂર કર્યા તેમને બિહાર પાછા ફરવા દેવા જોઈએ નહીં. યુપીના મુખ્યમંત્રીએ આરોપ લગાવ્યો કે બિહારમાં દરેક વ્યાવસાયિક માફિયા અને ગુનેગાર આરજેડી અને કોંગ્રેસના શિષ્ય છે. તેમને ખીલવા દેવા જોઈએ નહીં. જો તેમને આગળ વધવાની તક આપવામાં આવશે, તો તેઓ ગરીબોના અધિકારો લૂંટશે. સીએમએ કહ્યું કે આરજેડીના શાસન દરમિયાન, બિહારમાં ગુનો અને અપહરણ એક ઉદ્યોગ બની ગયા હતા.





# પાપુઆ ન્યુગિનીમાં ભૂસ્ખલન થતાં ૨૧થી વધુ લોકોના મોત

પાપુઆ ન્યુ ગિની,તા.૩૧

મોડી રાત્રે પાપુઆ ન્યુગિનીના પર્વતીય વિસ્તારમાં ભૂસ્ખલન થયાના અહેવાલ છે. ભૂસ્ખલન ઓછામાં ઓછા ૨૧ લોકો માર્યા ગયા છે. ઓસ્ટ્રેલિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશને પોલીસને ટાંકીને જણાવ્યું હતું કે ગઈકાલે મોડી રાત્રે ૨ વાગ્યાની આસપાસ થયેલા ભૂસ્ખલનને કારણે એન્ગા પ્રાંતના કુકાસ ગામમાં ઘણા ઘરો નાશ પામ્યા છે. એન્ગા પ્રાંતના ગવર્નર પીટર ઈપાટાસે એબીસીને જણાવ્યું હતું કે સ્થાનિક લોકોએ લગભગ ૩૦ લોકોના મોતની જાણ કરી હતી, જેમાંથી ૧૮ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. પોલીસનું કહેવું છે કે અત્યાર સુધીમાં ૨૧ લોકોના મોતની પુષ્ટિ થઈ છે. એસોસિએટેડ પ્રેસ શુક્રવારે ઈપાટાસ અને એન્ગામાં વાબાગ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી શક્યું ન હતું. પાપુઆ ન્યુગિની માટે યુએનના માનવતાવાદી સલાહકાર મેટ બાગોસીએ ટિપ્પણી માટેની વિનંતીનો તાત્કાલિક જવાબ આપ્યો ન હતો. યુએનના અંદાજ મુજબ, ગયા મે મહિનામાં એન્ગામાં ભૂસ્ખલનમાં લગભગ ૬૭૦ ગ્રામજનો મૃત્યુ પામ્યા હતા.





**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

ગુજરાત સરકાર

## "એક ભારત શ્રેષ્ઠ ભારત"ના ગૌરવની ઉજવણી

# ભારત પર્વ ૨૦૨૫

### ભારતભરની વિવિધ વાનગીઓ, કલા તથા વિવિધ સંસ્કૃતિઓ માણો એક જ સ્થળે!

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા - સ્ટેચ્યૂ ઑફ યુનિટી, રાષ્ટ્રીય ઉત્સવનું કેન્દ્ર બનશે, કારણ કે અહીં એકતાનગર ખાતે "એક ભારત શ્રેષ્ઠ ભારત" અંતર્ગત 'ભારત પર્વ ૨૦૨૫'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવ થીમ પેવેલિયન, પ્રાદેશિક વાનગીઓ, પરંપરાગત હસ્તકલા અને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ દ્વારા વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એકસાથે લાવશે, જે ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતામાં તેની અડગ એકતાને પ્રતિબિંબિત કરશે.



**ભારત પર્વ ૨૦૨૫**
**૧ થી ૧૫મી નવેમ્બર, ૨૦૨૫**

**સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ**
ડેમ વ્યૂ પૉઇન્ટ-૧, વેલી ઑફ ફ્લાવર સામે

**થીમ પેવેલિયન**
**ફૂડ સ્ટૉલ્સ**
**ક્રાફ્ટ સ્ટૉલ્સ**
જંગલ સફારી પાસે

અન્ય આકર્ષણો
લેસર, લાઇટ અને સાઉન્ડ શો • જંગલ સફારી અને ડાયનો ટ્રેઇલ • સરદાર સરોવર ડેમ અને બોટિંગ • કેક્ટસ ગાર્ડન
બટરફ્લાય ગાર્ડન • આરોગ્ય વન • ચિલ્ડ્રન ન્યૂટ્રિશન પાર્ક • વિશ્વ વન

**સ્ટેચ્યૂ ઑફ યુનિટી, એકતાનગર**

**'ભારત પર્વ' એ માનનીય વડાપ્રધાનશ્રીની દૂરંદેશી હેઠળ "એક ભારત શ્રેષ્ઠ ભારત"ની રાષ્ટ્રીય શક્તિનો જીવંત સંદેશ છે.**
**શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત